પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૮૫ • કુલ પાના : ૪ • તારીખ : ૦૧-૦૪-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પેટ્રોલ- ડીઝલની વધતી કિંમતો સામે કોંગ્રેસનું દેશવ્યાપી પ્રદર્શન

# પ્રશ્ન ન પૂછો ફકીરને, કેમેરા પર વહેંચે જ્ઞાન, જુમલા ભરેલી ઝોળી લઈ, લૂટે હિંદુસ્તાન : રાહુલ ગાંધી

નવીદિલ્હી,

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૮૦ પૈસાનો વધારો નોંધાયો છે. આ સાથે જ સતત વધી રહેલા ભાવોના વિરોધમાં કોંગ્રેસ આજે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવા ઉતરી છે. આ વિરોધમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ જોડાયા છે.

પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતો સામે કોંગ્રેસ વિજય ચોક પાસે સંસદની સામે દેશવ્યાપી પ્રદર્શન કર્યું હતું જેમાં રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓ સામેલ હતાં કોંગ્રેસના સાંસદો વિજય ચોકના મીડિયા લૉનમાં લગભગ એક કલાક સુધી ધરણા પર બેસ્યા હતાં અને પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓ સહિત કાર્યકરોએ મોદી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે આજે અહીં અમારા કોંગ્રેસના સાંસદો અને દરેક રાજ્યમાં અમારા નેતાઓ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનો વિરોધ કરી રહ્યા છે. અમારી માંગણી છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને રોકવામાં આવે. તેની અસર ગરીબોને પડી રહી છે. ગેસ સિલિન્ડરના ભાવ બમણા થઈ ગયા, આવું ઈતિહાસમાં ક્યારેય બન્યું નથી. સરકારનો સ્પષ્ટ એજન્ડા છે કે ગરીબોમાંથી પૈસા કાઢીને બેથી ત્રણ અબજપતિઓને આપવામાં આવે. રાહુલે વધુમાં કહ્યું કે ચૂંટણી સમયે પણ અમે લોકોને કહ્યું હતું કે હવે પેટ્રોલ લો,




ચૂંટણી પછી સરકાર પૈસા વધારશે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં થઈ રહેલા સતત વધારાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વિટ દ્વારા પણ પડોશી દેશોમાં પેટ્રોલની કિંમતો સાથે ભારતમાં પેટ્રોલની કિંમતની સરખામણી કરીને મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને જણાવ્યુ કે ભારતીય રુપિયામાં અફઘાનિસ્તાનમાં ૬૬.૯૯, પાકિસ્તાનમાં ૬૨.૩૮ અને બાંગ્લાદેશમાં ૭૮.૫૩ રૂપિયામાં પેટ્રોલ મળી રહ્યુ છે. સાથે જ તેમણે એક છંદ દ્વારા કહ્યુ કે, 'પ્રશ્ન ન પૂછો ફકીરને, કેમેરા પર વહેંચે જ્ઞાન, જુમલા ભરેલી ઝોળી લઈ, લૂટે હિંદુસ્તાન'. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ઈંધણના ભાવોમાં સતત વધારો અને મોંઘવારી મુદ્દે ફરીથી સક્રિય થઈ ગયા છે. રાહુલ ગાંધી અને પાર્ટીના ઘણા અન્ય સાંસદોએ પાર્ટીના મોંઘવારી મુક્ત ભારત અભિયાન હેઠળ પેટ્રોલ, ડીઝલ, રસોઈ ગેસ અને સીએનજીની કિંમતોમાં વધારા સામે ગુરુવારે સંસદ પાસે ધરણા કર્યા હતાં

સંસદ ભવન પાસે કોંગ્રેસના પ્રદર્શન વખતે રાહુલ ગાંધીએ કહ્યુ કે સરકારે પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમતોને નિયંત્રિત કરવી જોઈએ અને કોઈ પણ પ્રકારનો વધારો કરવો જોઈએ નહિ કારણકે મોંઘવારીની સૌથી વધુ માર ગરીબો અને મધ્યમ વર્ગના લોકો પર પડી રહી છે. પાર્ટીના સાંસદોએ બંને ગૃહોની કાર્યવાહીના આરંભના દોઢ કલાક પહેલા વિજય ચોક પર કોંગ્રેસના મોંઘવારી મુક્ત ભારત અભિયાન હેઠળ ધરણા આપ્યા. આમાં રાહુલ ગાંધી ઉપરાંત લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જૂન ખડગે, કોંગ્રેસ સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ અને ઘણા અન્ય સાંસદ શામેલ થયા. કોંગ્રેસ સાંસદોએ સરકાર સામે નારેબાજી પણ કરી. ધરણા બાદ રાહુલ ગાંધીએ કહ્યુ કે, 'મોંઘવારી, ખાસ કરીને પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારા સામે કોંગ્રેસ પાર્ટી આખા દેશમાં વિરોધ વ્યક્ત કરી રહી છે. છેલ્લા ૧૦ દિવસોમાં નવ વાર વધારો કરવામાં આવ્યો છે. સરકાર આ વૃદ્ધિથી હજારો કરોડ રૂપિયા કમાઈ રહી છે. આની સૌથી વધુ અસર ગરીબ અને મધ્યમ વર્ગને થઈ રહી છે. અમારી માંગ છે કે સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવ નિયંત્રિત કરે અને કિંમતો વધારવાનુ બંધ કરે.' રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે રાંધણ ગેસ સિલિન્ડરના ભાવ બમણા થઈ ગયા છે. સરકાર માત્ર એક વસ્તુ કરી રહી છે - ગરીબોના ખિસ્સામાંથી પૈસા કાઢો અને બે-ત્રણ મોટા ઉદ્યોગપતિઓને ફાયદો કરાવો. કોંગ્રેસનુ આ મોંઘવારુ મુક્ત ભારત અભિયાન ૩૧ માર્ચથી ત્રણ તબક્કામાં ચાલુ કરવામાં આવ્યુ છે જે સાત એપ્રિલ સુધી ચાલશે.

એ યાદ રહે કે પેટ્રોલ-ડિઝલના ભાવ ગુરુવારે સતત ૧૦મા દિવસે ૯મી વખત વધ્યા છે. ગુરુવારે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસાનો વધારો થયો છે. આ પહેલાં બુધવારે પણ ૮૦-૮૦ પૈસાનો વધારો થયો હતો. છેલ્લા ૧૦ દિવસ દરમિયાન પેટ્રોલ અને ડિઝલના ભાવ પ્રતિ લિટરે ૬.૪૦ રૂપિયા સુધી વધ્યા છે. એનાથી સરકારે નવેમ્બરમાં દિવાળીના પ્રસંગે પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં આપેલી રાહત પણ સમાપ્ત થઈ ગઈ હતી.દિલ્હીમાં પેટ્રોલ અને ડિઝલની કિંમત આજે ૧૦૧.૮૧ રૂપિયા પ્રતિ લિટર અને ૯૩.૦૭ રૂપિયા પ્રતિ લિટર(૮૦ પૈસાનો વધારો) થઈ છે. બીજી તરફ મુંબઈમાં પેટ્રોલ-ડિઝલની કિંમત ૮૪ પૈસાના વધારા સાથે ૧૧૬.૭૨ રૂપિયા પ્રતિ લિટર અને ૧૦૦.૯૪ રૂપિયા છે.

## નીતિશ કુમાર ટૂંક સમયમાં બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે ?

પટણા,

બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારને લઈને રાજકારણ ગરમાયુ છે. એવી ચર્ચાઓ થઈ રહી છે કે ટૂંક સમયમાં નીતિશ કુમાર મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપીને રાજ્યસભામાં જઈ શકે છે. નીતિશ કુમારે કહ્યું કે તેઓ હજુ સુધી રાજ્યસભાના સભ્ય બન્યા નથી, પરંતુ તેઓ એકવાર રાજ્યસભાના સભ્ય બનવા માંગે છે. આનાથી એવી અટકળોને વેગ મળ્યો કે તેઓ ટૂંક સમયમાં બિહારના મુખ્યપ્રધાન પદ પરથી રાજીનામું આપીને રાજ્યસભાના સભ્ય બની શકે છે. એવું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ભાજપ તેમને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર બનાવી શકે છે. તેઓ અત્યાર સુધી બિહાર વિધાનસભા, વિધાન પરિષદ અને લોકસભાના સભ્ય રહી ચૂક્યા છે.

જ્યારે નીતિશ કુમારે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં રાજ્યસભા વિશે વાત કરી ત્યારબાદ ઘણી અટકળો ઉભી થઈ છે. આપને જણાવી દઈએ કે તેઓ ૧૬ વર્ષથી મુખ્યમંત્રી છે અને કદાચ હવે તેઓ નવી ભૂમિકા માટે ઉત્સુક છે. આ સાથે એ વાત પણ સામે આવી છે કે તેમને ઉપરાષ્ટ્રપતિ પણ બનાવવામાં આવી શકે છે, જે પદ આગામી થોડા દિવસોમાં ખાલી થશે. તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ સંસદ માટે નાલંદા પર વિચાર કરી રહ્યા છે. જ્યારથી તેઓ લોકસભા મતવિસ્તારની મુલાકાત લઈ રહ્યા છે, ત્યારથી તેઓ આ વિસ્તારમાંથી પાંચ વખત સાંસદ રહી ચૂક્યા છે. જો કે હવે આ વિસ્તારનો મોટાભાગનો વિસ્તાર નાલંદા હેઠળ આવી ગયો છે. તેમણે કહ્યું 'કોઈ ચાન્સ નથી.

નીતિશ કુમાર વિશે પહેલાથી જ અટકળો ચાલી રહી છે કે તેમને દિલ્હીમાં કોઈ મોટી જવાબદારી મળી શકે છે. નીતિશ કુમાર મુખ્યપ્રધાન પદની જગ્યાએ કોઈ મોટી જવાબદારી ઈચ્છે છે. ટૂંક સમયમાં ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી થવા જઈ રહ્યું છે, આવી સ્થિતિમાં ભાજપ તેમને આ ખુરશી પર બેસાડીને બિહારની કમાન પોતે સંભાળે તેવી શક્યતા છે. તમને જણાવી દઈએ કે છેલ્લી ચૂંટણીમાં નીતિશ કુમારની પાર્ટીને ઓછી સીટો મળી હતી, જેના કારણે ગઠબંધન સરકારમાં તેમનું વર્ચસ્વ પહેલા જેવુ રહ્યું નથી.

## સ્કૂલોમાં ૧૦૦ ટકા ઓફલાઈન હાજરીની જરૂરીયાત નથી : સરકારનો હાઈકોર્ટમાં જવાબ

અમદાવાદ,

ગુજરાતના સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા ઓફલાઈન હાજરી અંગેના રાજ્ય સરકારના નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી રિટમાં રાજ્ય સરકારે આજે સ્પષ્ટતા કરી હતી કે ચાલુ ધોરણ ૧થી ૧૨માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં પરીક્ષામાં બેસવા માટે ૧૦૦ ટકા ઓફલાઈન હાજરીની ફરજીયાત નથી. આ ઉપરાંત કોર્ટે કહ્યું હતું કે જ્યારે શાળઆઓ ફરી ખૂલે ત્યારે પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય કરવામાં આવશે. કેસની વધુ સુનાવણી સાતમી જૂનના રોજ નિયત કરવામાં આવી છે.

આજની સુનાવણીમાં ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ જે. શાસ્ત્રીની ખંડપીઠ સમક્ષ રાજ્ય સરકારે રજૂઆત કરી હતી કે ધોરણ ૧થી ૧૨માં પરીક્ષામાં બેસવા માટે યોગ્ય ઠરવા માટે ૧૦૦ ટકા ઓફલાઈન હાજરીની જરૂર નથી. જેથી અરજદારે દલીલ કરી હતી કે રાજ્ય બોર્ડની શાળાઓ જ નહીં પરંતુ સી.બી.એસ.ઈ. અને આઈ.સી.એસ.ઈ. બોર્ડ અંગે પણ સ્પષ્ટતા થવી જોઈએ. જેથી કોર્ટે કહ્યું હતું



કે સી.બી.એસ.ઈ. અને આઈ.સી.એસ.ઈ. બોર્ડ આ કેસમાં પક્ષકાર નથી. તેથી તેમને નિર્દેશ આપી શકાય નહીં. આગામી શૈક્ષણિક વર્ષમાં શાળાઓ ખૂલે ત્યારે પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય કરવામાં આવશે.

વધુ સુનાવણી માટે કેસને સાતમી જૂનના રોજ નિયત કરવામાં આવી છે અને જરૂર લાગે તો અરજદારને વેકેશન બેન્ચ સમક્ષ રજૂઆત કરવાની છૂટ અપાઈ છે. રિટમાં અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે રાજ્યમાંથી હજુ પણ કોરોનાનો ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી. આવી પરિસ્થિતિમાં રાજ્ય સરકારે ધોરણ ૧થી ૧૨માં ૧૦૦ ટકા ઓફલાઈન હાજરીનો નિર્ણય લઈ સરકાર જોખમ લઈ રહી છે. તેથી કોર્ટે રાજ્ય સરકારને જરૂરી આદેશો આપવા જોઈએ.

## દેશમાં ૨ વર્ષમાં ૪૦,૦૦૦ બાળકો યૌન શોષણનાં શિકાર, સંસદમાં મુદ્દો ઉઠ્યો

નવીદિલ્હી,

દેશમાં સતત વધી રહેલાં બાળ શોષણનાં કેસ પર ચિંતા જતાવતા દ્રમુક નેતા તિરુચિ શિવાએ રાજ્યસભામાં જોર આપીને કહ્યું કે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આ માટે જાગૃત બનાવવાં પર જોર દેતા કહ્યું કે, આ માટે સ્કૂલોમાં નિયમિત રૂપથી કાર્યશાળાઓનું આયોજન કરવું જોઈએ. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા દ્રમુક સાંસદ તિરુચિ શિવાએ કહ્યું કે, રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોનાં રિપોર્ટ અનુસાર, ૨૦૧૮ અને ૨૦૨૦ની વચ્ચે યોન અપરાધથી બાળકોનું સંરક્ષણ નિયમ હેઠળ આશરે ૪૦,૦૦૦ કેસ દાખલ કરવામાં આવ્યાં છે.




ડીએમકેના સાંસદ તિરુચિ સિવાએ કહ્યું કે આ નોંધાયેલા કેસો છે અને એવા ઘણા કેસ છે જે નોંધાયા પણ નથી. કોવિડ રોગચાળાના સમયગાળા દરમિયાન ૨૦૨૦ માં બાળકોના જાતીય શોષણના કેસોની સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ હવે તે ફરીથી વધવા લાગ્યો છે. શિવે કહ્યું કે 'આપણા સમાજમાં બાળકો ખૂબ નબળા હોય છે. તેમની સામે આ પ્રકારનું યૌન શોષણ તેમને શારીરિક અને માનસિક રીતે ઘણી અસર કરે છે અને કેટલીકવાર એવી દર્દનાક યાદો આપે છે, જેને બાળકો આખી જિંદગી ભૂલી શકતા નથી.

એક સર્વેને ટાંકીને, સાંસદ તિરુચિ સિવાએ કહ્યું કે મોટાભાગની ભારતીય શાળાઓમાં કાં તો આવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કોઈ સિસ્ટમ નથી. જો તેઓ આવો કોઈ પ્રયાસ કરે તો પણ મોટાભાગના વિદ્યાર્થીઓને આ કાયદાની જરા પણ જાણ હોતી નથી. તેમણે કહ્યું કે આ રીતે આ બહુ ગંભીર મુદ્દો છે. બાળકોને શોષણથી બચાવવાની સિસ્ટમમાં રહેલી નબળાઈઓને તાત્કાલિક ગંભીરતાથી દૂર કરવી જોઈએ. દરેક શાળાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે નિયમિત વર્કશોપ યોજવાનું ફરજિયાત બનાવવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની જરૂર છે. તેઓમાં આ અંગે જાગૃતિ હોવી જોઈએ અને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ અંગે જાગૃત કરવા જોઈએ. અન્ય પક્ષોના કેટલાક સાંસદોએ આ મુદ્દે ડીએમકેના સાંસદ તિરુચી શિવાને સમર્થન આપ્યું હતું.

## હવે જામીન મળ્યા બાદ કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા ઝડપી થશે

નવીદિલ્હી,

હવે દેશમાં જામીન મળ્યા બાદ કેદીઓની મુક્તિ પ્રક્રિયા ઝડપી બનશે. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એનવી રમના આજે ફાસ્ટ એન્ડ સિક્યોર ટ્રાન્સમિશન ઑફ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ (ફાસ્ટર) લૉન્ચ કરશે. એવું કહેવામાં આવ્યું છે કે ચીફ જસ્ટિસ રમના સવારે ૧૦ વાગ્યે વર્ચ્યુઅલ રીતે ફાસ્ટર સોફ્ટવેર લોન્ચ કરશે. આ કાર્યક્રમમાં ઝત્તૈં અને સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશો અને હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો હાજર રહેશે. આ સિસ્ટમ શરૂ થયા બાદ કેદીઓને જામીનના દસ્તાવેજોની હાર્ડ કોપી જેલ પ્રશાસન સુધી પહોંચવા માટે રાહ જોવી પડશે નહીં. સપ્ટેમ્બર ૨૦૨૧ માં, સુપ્રીમ કોર્ટે એક મોટો નિર્ણય લેતા, સંબંધિત પક્ષોને તેના આદેશો ટ્રાન્સમિટ કરવા માટે ઈલેક્ટ્રોનિક ટ્રાન્સમિશનની સિસ્ટમ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો. આદેશ પસાર કરતી વખતે કોર્ટે જામીન મળવા છતાં કેદીઓને જેલમાંથી મુક્ત કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ફાસ્ટર દ્વારા, કોર્ટના નિર્ણયોની ઝડપી માહિતી ઉપલબ્ધ થશે અને તેના પર આગળની કાર્યવાહી શક્ય બનશે. ઈલેક્ટ્રોનિક રેકોર્ડનું ઝડપી અને સુરક્ષિત ટ્રાન્સમિશન અથવા ફાસ્ટર જેલમાં ફરજ ધારકોને વચગાળાના ઓર્ડર, જામીન ઓર્ડર, સ્ટે ઓર્ડર અને કાર્યવાહીના રેકોર્ડની ઈ-પ્રમાણિત નકલો મોકલવામાં મદદ કરશે, જેથી સુરક્ષિત ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન ચેનલ દ્વારા અનુપાલન અને યોગ્ય પાલન થઈ શકે. ચલાવવામાં આવશે. ગયા વર્ષે, ચીફ જસ્ટિસ એનવી રમના, જસ્ટિસ નાગેશ્વર રાવ અને જસ્ટિસ સૂર્યકાંતની ત્રણ સભ્યોની બેંચે રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો, જેલ વિભાગો અને અન્ય સંબંધિત સત્તાવાળાઓને જેલમાં ઈ-પ્રમાણિત નકલો સ્વીકારવાની વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો હતો.

## દિલ્હી સહિત ઉત્તર ભારતમાં રેકોર્ડ બ્રેક ગરમી

નવીદિલ્હી,

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ ચાલુ છે અને આ ગરમીના મોજા લોકો માટે આફતનો પવન બની રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી શકે છે અને જો આમ થશે તો દિલ્હીમાં ગરમીનો ૭૦ વર્ષનો રેકોર્ડ તૂટી જશે. માર્ચ મહિનાથી રેકોર્ડ બ્રેક ગરમીએ એવી હાહાકાર મચાવ્યો છે કે, દિલ્હીથી હૈદરાબાદ અને રાજસ્થાનથી મુંબઈ સુધી લોકો ગરમીનો સામનો કરી રહ્યા છે. દેશના અલગ-અલગ રાજ્યોના અલગ-અલગ શહેરોમાં ગરમીએ એવો તોફાન મચાવ્યો છે કે, જ્યુસની દુકાનો પર ભીડ વધી ગઈ છે હવામાન વિભાગનો અંદાજ છે કે આગામી ૧૦ દિવસમાં આ ગરમી વધુ વધી શકે છે કારણ કે હજુ સુધી વરસાદની કોઈ આગાહી નથી.

દિલ્હીમાં માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં સૌથી વધુ તાપમાન ૩૨.૭ ડિગ્રી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર બુધવારે દિલ્હીમાં તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી ગયુંહતું. વર્ષ ૨૦૨૧માં સરેરાશ મહત્તમ તાપમાન ૩૩.૧ ડિગ્રી નોંધાયું છે. દિલ્હીમાં છેલ્લા એક દાયકા પછી સૌથી વધુ ગરમી પડી રહી છે, કારણ કે માર્ચ ૨૦૧૦માં તાપમાન ૩૪.૧ ડિગ્રી નોંધાયું હતું. જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ગરમ મહિનો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હી, રાજસ્થાન, મધ્ય ભારત, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢમાં આગામી સાત દિવસ સુધી વરસાદની કોઈ શક્યતા નથી. કેરળ, કર્ણાટકના ભાગો અને ઉત્તરપૂર્વમાં માત્ર થોડો વરસાદ પડશે. એટલે કે આગામી કેટલાક દિવસો સુધી લોકોને ગરમીમાંથી રાહત મળતી દેખાતી નથી.

**જાહેરાત**

**કોવિડ-૧૯થી મૃત્યુ સહાય (Ex-gratia payment)**

**ગુજરાત સરકાર**

"રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય **(ex-gratia assistance)**મેળવવા તા.૨૦/૦૩/૨૦૨૨ સુધીના મૃત્યુના કિસ્સામાં, નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા તા.૨૪/૦૩/૨૦૨૨ થી **દિન-૬૦**ની અંદર અને તા.૨૦/૦૩/૨૦૨૨ પછી કોવિડ-૧૯થી થયેલ/થનાર ભાવિ મૃત્યુના કિસ્સામાં મૃત્યુની તારીખથી **દિન-૯૦**ની અંદર સહાય મેળવવા સંબંધિત સક્ષમ અધિકારી સમક્ષ તેમજ **www.iora.gujarat.gov.in/Cov19_login.aspx** પોર્ટલની લિન્ક પર મોબાઈલ નંબર દાખલ કરી ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકાશે"

"અસામાન્ય સંજોગોમાં ઉક્ત સમયમર્યાદામાં અરજી કરી શક્યા ન હોય તેવા અરજદારોએ આવી સમયમર્યાદા બહારની અરજી જરૂરી આધાર-પુરાવા સાથે Grievance Redressal Committee (ફરિયાદ નિવારણ સમિતિ) સમક્ષ ઉક્ત સમયમર્યાદા બહાર પણ કરવાની રહેશે."

**જો કોઈ વ્યક્તિ બદઈરાદાપૂર્વક ખોટા પુરાવાઓ રજૂ કરીને સહાય લેવા માટે અરજી કરશે તો તે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-52 મુજબ શિક્ષાને પાત્ર રહેશે.**

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ ની કલમ-52 ની જોગવાઈ**

**52. ખોટા દાવા માટે સજાઃ-**

**"જે જાણી જોઈને એવો દાવો કરે છે જે ખોટા હોવાનું તે જાણે છે છતાં કોઈપણ આપત્તિના પરિણામે પુનર્નિર્માણ અથવા અન્ય લાભો કેન્દ્ર સરકાર, રાજ્યના કોઈપણ અધિકારી પાસેથી રાહત, સહાય મેળવે તો સરકાર, નેશનલ ઓથોરિટી, સ્ટેટ ઓથોરિટી અથવા ડિસ્ટ્રીક્ટ ઓથોરિટી દોષિત ઠેરવી શકે છે અને દોષિત ઠેરવવા પર બે વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અને દંડ પણ થઈ શકે છે."**

**મહેસૂલ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એસ. પી. રાઠોડ**

**મુ. ધોળીકુઈ, તા. હાલોલ, જી. પંચમહાલ**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એલ. બી. પરમાર**

**મુ. નવાગામ-બાંધેલી, તા. હાલોલ, જી. પંચમહાલ**

# ખાનપુર-કડાણા તાલુકાના સિંચાઈ કર્મચારીઓની બેદરકારીને કડાણા જમણા કાંઠા નહેર માંથી પાણીનો વેડફાટ

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના ખાનપુર અને કડાણા તાલુકામાં તંત્રની બેદરકારીએ હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. ત્યારે હાલ ઉનાળા સિઝનમાં પાણીની ગંભીર કટોકટી સર્જાવાની છે કે સર્જાઈ રહી છે. ત્યારે આ રીતનો પાણીનો વેડફાટ કેટલો યોગ્ય તેમ બને તાલુકાના ગ્રામજનો સરકારને પૂછી રહ્યા છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર જિલ્લાના ખાનપુર અને કડાણા તાલુકામાંથી પસાર થતી કડાણા જમણાં કાંઠા નહેર ખેડૂતોની જીવાદોરી સમાન છે. ત્યારે નહેરના અધિકારીઓ કે કર્મચારીઓના અણઘડ વહીવટના કારણે કેનાલમાંથી કાયમ માટે હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. જેને લઈને ખેડૂતોને લાભ થવાની જગ્યાએ નુકસાન પહોંચાડતુ હોય ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળે છે. ખેડૂતોનું જીવન ધોરણ ઉંચું આવે તેવા આશયથી સરકારે કરોડો રૂપિયાના ખર્ચે કડાણા જમણાં કાંઠા નહેરનું નિર્માણ કરી બે તાલુકાના હજારો ખેડૂતોને લાભ આપ્યો હતો, પરંતુ તંત્રની નિષ્કાળજી અને બેદરકારીએ કેટલાક ખેડૂતો દ્વારા પાણીનો વેડફાટ કરવામાં આવે છે.જયારે કોલંબી ગામના અહીં જાગૃત ખેડુત કલજીભાઈ એલ.માલીવાડના જણાવ્યા અનુસાર કેનાલ ઉપર તંત્રનો કોઈ જવાબદાર માણસ ન હોય ખેડૂતો પોતાની આપ સત્તાએ કેનાલના મુકેલા આવુટલેટ (ગેટ) પોતાની મરજીથી ખોલી નાખી તેની બંધ કરવાની તસ્દી લેતા નથી. પરિણામે ખેડૂતોના ખેતરોમાં બિનજરૂરી પાણી ભરાઈ ઉભા પાકને નુકશાન પહોંચાડે અને આ બાબતે રોકટોક કરતા ખેડૂતો સાથે મારા મારી અને ઝગડા નિત્યક્રમ બન્યા છે. છતાં પણ તંત્રના પેટનું પાણી હલતું નથી અને કોઈ જવાબદાર માણસ આ બાબતે કોઈ દરકાર લેતાં નથી. એકલદોકલ મુકેલા સરકારી માણસો હાજર રહેતા નથી અને ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આ આ બાબતે જવાબદાર તંત્ર તાત્કાલિક અસરથી યોગ્ય પગલાં ભરી ખેડૂતોને વ્હારે આવે તેવી જાગૃત ખેડૂતોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સંતરામપુરના ડોળી ગામે પાણીની અછત : પીવાના પાણી માટે કિલોમીટર ચાલવા ગ્રામજનો મજબુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ડોળી ગામે ઉનાળો શરૂ થતાં જ પાણીની તીવ્ર અછત સર્જાય મૂંગા પશુઓની અને પીવાના પાણી માટે એક કિલોમીટર ચાલીને લેવા જવું પડે છે. સંતરામપુર તાલુકાના ડોડી ગામે ગ્રામજનો પાણી માટે વલખા મારતા હોય છે કેટલીક જગ્યાએ કૂવામાંથી પાણી માંથી પાણી બિલકુલ સુકાઈ ગયું અને તળિયાઝાટક થઇ ગયો ભગોરા પરિવારને મૂંગા પશુઓની પાણી પીવડાવવા માટે અને ઘર માટે તેમનું પરિવાર ત્રણ કલાક સુધી એક કિલોમીટર ચાલીને બીજા ફળિયામાંથી કૂવામાંથી પાણી ખેંચીને પોતાના ઘરે બીજા છેડે ચાલીને પાણી લઈને આવતા હોય છે. અસત્ય અને ગંભીર પરિસ્થિતિ જોવાઇ રહી છે. આ પરિવારોને ઘરની આજુબાજુ હેડપંપ કે અન્ય બીજી સુવિધા ન હોવાના કારણે છેલ્લા ઘણા સમયથી પાણી માટેની ગંભીર પરિસ્થિતિ ઊભી થયેલી છે. આગળના પરિવારો પોતાનું ગુજરાત પશુપાલન અને મજૂરી વર્ગ હોવાથી મોટી સમસ્યા ઊભી થયેલી છે. તેમના તમામ ઘરના પરિવારો પાણી લેવા માટે એક કિલોમિટર ચાલીને જવું પડે છે. ખેતરોમાં અને ખાડાઓ મોદીને પાણી લેવા જવું પડતું હોય છે. સરકાર દ્વારા મોટી જાહેરાતો કરવામાં આવે છે કે ક્ષફહ તચ ષફહ વાસ્મો યોજના સરકાર મોટી મોટી યોજનાઓ લાવે છે, પરંતુ હજુ સુધી ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટે કફોડી હાલત બનતી જાય છે. આ બાબતની અનેકવાર સ્થાનિક સરપંચને રજૂઆત કરવા છતાંય પાણીની સુવિધા પૂરી પાડવામાં આવેલી ન હતી. ભરઉનાળામાં પાણી માટે વલખા મારવા નો મારવા આવેલો છે. આ પરિવારોની જો પાણી જોઈતું હોય એક કિલોમીટર ચાલવું જ પડે આજુબાજુ કોઈપણ નજીકમાં પાણીની સુવિધા જ નથી. આવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. ભગોરા દિનેશભાઈ કાળુભાઈ પોતાના પરિવાર સાથે તાવિયાડ ફળિયામાંથી રોજ પાણી લેવા જવું પડતું હોય છે અને ગામની અંદર દૂર વિસ્તારોમાં હેડ પંપ બંધ હાલતમાં જોવાઈ રહેલા છે. દિવસે દિવસે ઉનાળાનો ગરમીનો સમય વધારે પારો વધી રહ્યો છે. ત્યારે પાણી માટે મુંગા પશુઓને માનવી માટે ગંભીર પરિસ્થિતિ ઊભી થયેલી છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# મહીસાગર જિલ્લાના મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે નાયબ કલેકટરએ બાળકો સાથે મધ્યાહન ભોજન લઈ પ્રારંભ કરાવ્યો

લુણાવાડા,

વૈશ્વિક કોરોનાની મહામારીને કારણે શાળાઓમાં અભ્યાસ કરવા આવતા બાળકો લગભગ બે વર્ષ સુધી શાળા અને શાળા પરિવારથી અલગ રહીને ઓફલાઈન શિક્ષણ મેળવતાં હતાં. પરંતુ હવે કોરોનાનું સંક્રમણ નહિવત થતાં શાળાઓ પુનઃ બાળકોની કિલકારીઓથી ગૂંજી ઉઠી છે.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

શાળાએ આવતાં બાળકોને પોષણ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી છે. ત્યારે આજે બે વર્ષના ગાળા બાદ શાળામાં મધ્યાહન ભોજન યોજનાનો સમગ્ર રાજય સહિત મહીસાગર જિલ્લામાં પ્રારંભ થઇ ગયો છે.

મધ્યાહન ભોજનમાં અપાતું ભોજન એ માત્ર ભોજન નથી. પણ પ્રેમ-ભાવનો પ્રસાદ છે. મધ્યાહન ભોજન થકી વિદ્યાર્થીઓમાં સમૂહ ભોજન સાથે સમૂહનો ભાવ પેદા કરે છે.

મહીસાગર જિલ્લામાં આજથી મધ્યાહન ભોજન યોજનાનો મોટા સોનેલાની પ્રાથમિક શાળા ખાતેથી મ.ભ.યો નાયબ કલેકટર અને લુણાવાડા પ્રાંત અભિકારી ગૌતમ પ્રજાપતિએ પ્રારંભ કરાવ્યો હતો.

નાયબ કલેક્ટરએ બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ સમયે બાળકોના ચહેરા પર એક અનેરી ખુશી જોવા મળી હતી. ત્યારબાદ સમૂહમાં મદયાહન ભોજન લેવા બેઠેલાં વિદ્યાર્થીઓ સાથે ભોજન લીધુ હતું.

આ પ્રસંગે નાયબ કલેક્ટરએ બાળકોને કોરોનાથી ચિંતામુકત બનીને શિસ્તબધ્ધ રીતે શાળાએ આવ્યા છે અને આજે તેઓને મધ્યાહન ભોજન મળતાં તેમના ચહેરા પર ખુશી જોવા મળી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે બાળકોને સમયસર અને નિયમિત શાળાએ આવવા અને શાળામાં શિક્ષણની સાથે રમત-ગમતનો આનંદ માણવા કહ્યું હતું. સમગ્ર રાજય સહિત મહીસાગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાનો પ્રારંભ થતાં જિલ્લાની ૧૨૦૦ શાળાઓમાં અંદાજે ૧.૨૪ લાખ બાળકોને તેનો લાભ પ્રાપ્ત થશે તેમ નાયબ કલેકટરએ ઉમેર્યું હતું. આ પ્રસંગે મધ્યાહન શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પુંવાર અને શાળાના શિક્ષકો સાથે રહ્યા હતા.

# મહીસાગર જિલ્લાના પ્રજાજનોએ હિટવેવની સંભાવના વચ્ચે સાવચેતી રાખવા અપીલ

લુણાવાડા,

આગામી દિવસોમા રાજ્યમા હીટવેવની સંભાવના જોતા, હીટવેવ દરમિયાન શું કરવુ, અને શું ના કરવુ તે અંગે, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર-મહીસાગર દ્વારા, મહીસાગર જિલ્લાના પ્રજાજનો માટે સાવચેતીના પગલા લેવા માટે કેટલાક માર્ગદર્શક સુચનો જાહેર કર્યા છે.

શું કરવુ હીટવેવ દરમ્યાન મોસમની આગાહી જાણવા માટે નિરંતર રેડીયો સાંભળવુ, ટી.વી જોવુ, અને સમાચાર પત્ર વાંચતા રહેવુ, તરસ ન લાગી હોય તો પણ થોડા થોડા સમયે પાણી પીતા રહેવુ,હલકા રંગના ઢીલા, અને હળવા સુતરાઉ કપડાં પહેરવા, કારણવશ બહાર જવાનુ થાય તો ચશ્મા, છત્રી, ટોપી, બુટ અને ચંપલનો ઉપયોગ કરવો, મુસાફરી દરમ્યાન સાથે પીવાનુ પાણી રાખવુ, સુર્યના સીધા પ્રકાશમા કામ કરવાનુ થાય, ત્યારે છત્રી તથા ટોપીનો ઉપયોગ કરવો, તથા માથા ગળા અને ચહેરા પર ભીનુ કપડુ રાખવુ, ઘરે બનાવેલા પીણા જેવા કે લસ્સી, કાંજી, લીંબુ પાણી, છાસ વગેરેનો વધુ ઉપયોગ કરવો, હીટવેવની અસર દરમ્યાન સ્નાયુંનુ ખેંચાવુ, શરીર પર ફોલ્લી થવી, કમજોરી આવવી, માથુ દુખવુ, ઉબકા આવવા, વધારે પરસેવો થવો, શરીર જકડન જેવા લક્ષણો જોવા મળે છે. જો નબળાઈ અથવા બીમારી જેવુ લાગે તો તરતજ ડોકટરનો સંપર્ક કરવો, પશુ પંખીઓને શેડની નીચે/છાંયામા રાખો અને પીવા માટે પુરતા પ્રમાણમાં પાણી આપતા રહો, ઘરને ઠંડુ રાખવા માટે પડદા, અને શટરનો ઉપયોગ કરો, રાત્રે બારીઓ ખોલી દો, ઘરમાં પંખા તથા ભીના કપડાંનો ઉપયોગ કરો, અને વારંવાર ઠંડા પાણીથી નાહવુ, કામના સ્થળ પાસે ઠંડા પાણીની વ્યવસ્થા રાખો, કામદારો સુર્યના સીધા તાપમા કામ ન કરે તેની સાવધાની રાખો.વધારે શ્રમવાળુ કામ કરનારે ઠંડા પહોરમા કામ કરવાનુ ટાઈમ ટેબલ બનાવવુ, બહાર કામ કરવાવાળાઓએ વારંવાર લાંબો આરામ લેવો, સગર્ભા કામદારો ઉપર વધારે ધ્યાન આપવું.

શું ન કરવુ બાળકો અને પાળેલા પ્રાણીઓને ઉભા રાખેલા વાહનોમા એકલા છોડવા નહી, સુર્યના તાપમાં જવાનુ ટાળો, ખાસ કરીને બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ દરમ્યાન, ભડકાઉ કલરના, ટાઇટ, રેશમી તથા ભારે કપડા પહેરવાનું ટાળો, બહારનું તાપમાન વધારે હોય ત્યારે, વધારે મહેનતવાળુ કામ ન કરો. બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ દરમ્યાન કામ કરવાનું ટાળો, તાપમાન વધારે હોય ત્યારે રસોઈ ઘરમાં ઓછો સમય રહો, ચા, કોફી, આલ્કોહોલ, અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંક લેવાનું ટાળો, વધારે પ્રોટીનયુક્ત ખોરાક તથા ઉતરી ગયેલ ખાદ્ય પદાર્થો લેવાનુ ટાળો.


**સંતરામપુર પોલીસ સ્ટેશનમાં વિદાય સંમારભનો કાર્યક્રમ યોજાયો. સંતરામપુરમાં ટ્રાફિક જમાદારમાં ફરજ બજાવતા મોહનભાઈ હિંમતભાઈ પલાસ આજે નિવૃત્ત થતાં સંતરામપુરના પી.આઈ મછાર અને પી.એસ.આઇ કલાસવા પોલીસ આપે તમામ આજે તેમનું સન્માન કરીને સાલ ઓઢાડીને વિદાયનો કાર્યક્રમ યોજાયો હતો.**

# ઓઢવ વિસ્તારમાં એક જ પરિવારના ૪ સભ્યોની સામુહિક હત્યા કરી ફરાર થયેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

અમદાવાદ,

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં એક જ પરિવારના ૪ સભ્યોની સામુહિક હત્યા કરીને ફરાર આરોવી વિનોદ મરાઠીને પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો અને જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. આ આરોપી વિનોદ મરાઠીને પોલીસે રાજ્ય બહારથી પકડી પાડ્યો છે. હાલ પોલીસ તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરશે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં એક જ પરિવારના ચાર સભ્યોની હત્યા કરવાના સમાચાર સામે આવ્યા છે, આ ચાર લોકોની સામુહિક હત્યા શહેર સહિત સમગ્ર દેશમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ૪ લોકોની હત્યાનો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. દિવ્ય પ્રભા મકાન નંબર ૩૦ નો બનાવ સામે આવ્યો છે. વૃદ્ધા, મહિલા, દીકરી અને દીકરાનો મૃતદેહ મળ્યો હતો. ચાર દિવસ અગાઉ આ પરિવારની હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક રીતે લાગી રહ્યું છે. મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘરના ચાર અલગ અલગ રૂમમાંથી મૃતદેહો મળી આવ્યા છે.

# આજથી ચૈત્ર મહિનાની શરૂઆત, અમાસના દિવસે દાન કરવાથી પિતૃઓ વરસાવશે કૃપા



આ ચૈત્ર મહિનાના કૃષ્ણ પક્ષની છેલ્લી તારીખ છે. ત્યાર બાદથી ચૈત્ર શુક્લ પ્રતિપદાનો પ્રારંભ થશે, જેથી નવરાત્રી શરુ થઈ જશે. આ વર્ષે ચૈત્ર અમાસનો સમય આજથી ૩૧ માર્ચ ગુરુવારે બપોરે ૧૨ કલાક ૨૨ મિનિટથી શરુ થયો છે, આ સમયનું સમાપન આગલા દિવસે ૧ એપ્રિલ સવારે ૧૧ કલાક અને ૫૩ મિનિટ પર થશે. અમાસમાં સૂર્યોદય સમયે દાન કરવું શુભ માનવામાં આવે છે. ચૈત્ર અમાસનાં દિવસે નદીમાં સ્નાન કર્યા બાદ દાન કરવાની પરંપરા છે. આ દરમિયાન પિતૃને પ્રસન્ન કરવા માટે તર્પણ, દેવતાઓને પાણીનો પ્રસાદ ચઢાવવો વગેરે શુભ માનવામાં આવે છે. આમ કરવાથી પિતૃ દોષથી મુક્તિ મળે છે. પિતૃ જ્યારે ખુશ થાય છે, તો સુખ સમૃદ્ધિનાં આશીર્વાદ આપે છે. અમાસનાં રોજ કુંડળીમાં કાલસર્પ દોષથી મુક્તિનાં ઉપાયો પણ કરવામાં આવે છે. આવો જાણીએ ચૈત્ર અમાસ પર બનવાવાળા યોગ અને કાલસર્પ દોષથી મુક્તિનાં ઉપાયો.

બ્રહ્મ તથા ઈન્દ્ર યોગ :

૧ એપ્રિલ ૨૦૨૨નાં રોજ ચૈત્ર અમાસઆ દિવસે સવારે બ્રહ્મ યોગ બને છે, જે સવારે ૯:૩૭ સુધી છે. ત્યાર બાદ ઈન્દ્ર યોગ શરુ થાય છે. આ બંને યોગ શુભ માનવામાં આવે છે. સવારે ૧૦ કલાક ૪૦ મિનિટથી સર્વાર્થ સિદ્ધિ યોગ અને અમૃત સિદ્ધિ યોગ પણ બની રહ્યા છે. આ યોગમાં શુભ કાર્યો સફળ થાય છે. ચૈત્ર અમાસ પર ભાદ્રપદ્ર તથા રેવતી નક્ષત્રનો પણ સંયોગ બને છે.

કાલસર્પ દોષથી મુક્તિનાં ઉપાયો :

ચૈત્ર અમાસનાં દિવસે કાલસર્પ દોષથી મુક્તિ માટે સૌથી સરળ ઉપાય છે ભગવાન શિવની પૂજા. આ દિવસે તમે કોઈપણ શિવ મંદિર જાઓ અને ભગવાન શિવની ભક્તિભાવથી પૂજા કરો. પૂજાના સમયે દૂધ જરૂર અર્પિત કરવું જોઈએ. શિવની કૃપાથી બધા દોષ દૂર થાય છે.

અમાસનાં દિવસે નદીમાં સ્નાન કરવું જોઈએ, ત્યાર બાદ ચાંદીનાં બનેલા નાગ નાગણની પૂજા કરવામાં આવે છે. આમ કરવાથી કાલસર્પ દોષથી મુક્તિ મળે છે. ત્યાર બાદ તે નાગ નાગણને વહેતા પાણીમાં પ્રવાહિત કરવામાં આવે છે.

જો તમે દરરોજ શિવ તાળવ સ્તોત્રનો પાઠ કરો છો, તો કાલસર્પ દોષથી મુક્તિ મળી શકે છે.

કાલસર્પ દોષથી મુક્તિ માટે રાહુની પૂજા કરવામાં આવે છે. તમે કોઈપણ શિવ મંદિરમાં રાહુની પૂજા કરાવી શકો છો.

# મોદી સરકારનો મહત્વનો નિર્ણય : નાગાલેન્ડ, આસામ, મણિપુરમાં આસ્ફા વિસ્તાર ઘટાડ્યો

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે જણાવ્યું હતું કે, ભારત સરકારે દાયકાઓ પછી, નાગાલેન્ડ, આસામ અને મણિપુર રાજ્યોમાં આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (આસ્ફા) હેઠળ અશાંત વિસ્તારોને ઘટાડવાનો નિર્ણય કર્યો છે.કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે ટ્વીટ કરીને આ માહિતી આપી છે. તેમણે કહ્યું, આસ્ફા હેઠળના ક્ષેત્રોમાં ઘટાડો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ઉગ્રવાદને ખતમ કરવાના સતત પ્રયાસો, ઉત્તર પૂર્વમાં સ્થાયી શાંતિ લાવવા, સુરક્ષાની સારી સ્થિતિ અને અનેક સમજૂતીઓના કારણે ઝડપી વિકાસનું પરિણામ છે.હ્વ



કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું, નરેન્દ્ર મોદીની અતૂટ પ્રતિબદ્ધતા માટે તમારો આભાર. આપણો પૂર્વોત્તર પ્રદેશ, જે દાયકાઓથી ઉપેક્ષિત હતો, તે હવે શાંતિ, સમૃદ્ધિ અને અભૂતપૂર્વ વિકાસના નવા યુગનો સાક્ષી બની રહ્યો છે. હું આ મહત્વપૂર્ણ અવસર પર પૂર્વોત્તરના લોકોને અભિનંદન આપું છું.

આસ્ફાને ૨૦૧૫માં ત્રિપુરામાંથી અને ૨૦૧૮માં મેઘાલયમાંથી સંપૂર્ણપણે પાછી ખેંચી લેવામાં આવી હતી. આસામમાં ૧૯૯૦ થી ડિસ્ટર્બ્ડ એરિયા નોટિફિકેશન અમલમાં છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ સુરક્ષાની સ્થિતિમાં નોંધપાત્ર સુધારાને કારણે હવે આસામના ૨૩ જિલ્લાઓને ૧ એપ્રિલથી આસ્ફાની અસરમાંથી સંપૂર્ણપણે અને ૧ જિલ્લાને આંશિક રીતે દૂર કરવામાં આવી રહ્યા છે.

મણિપુરમાં ડિસ્ટર્બ્ડ એરિયા ડિકલેરેશન (ઈમ્ફાલ નગરપાલિકા વિસ્તાર સિવાય) ૨૦૦૪થી અમલમાં છે. કેન્દ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ પગલાઓ લેતા, ૧ એપ્રિલથી ૬ જિલ્લાના ૧૫ પોલીસ સ્ટેશન વિસ્તારોને અશાંત વિસ્તારની સૂચીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. ૨૦૧૫માં અરુણાચલ પ્રદેશમાં ૩ જિલ્લાઓ, અરુણાચલ પ્રદેશથી આસામ સુધી ૨૦ કિ.મી.આસ્ફાના પટ્ટામાં આવેલ ૧૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને ૯ અન્ય જિલ્લાઓમાં લાગુ હતું, જે ધીમે ધીમે ઘટતું જાય છે, હાલમાં તે માત્ર ૩ જિલ્લાઓમાં અને ૧ અન્ય જિલ્લાના ૨ પોલીસ સ્ટેશન વિસ્તારમાં લાગુ છે.

નાગાલેન્ડમાં ડિસ્ટર્બ્ડ એરિયા નોટિફિકેશન વર્ષ ૧૯૯૫થી અમલમાં છે. કેન્દ્ર સરકારે તબક્કાવાર રીતે આસ્ફા હટાવવા માટે આ સંદર્ભમાં રચાયેલી સમિતિની ભલામણને સ્વીકારી લીધી છે. નાગાલેન્ડમાં ૭ જિલ્લાના ૧૫ પોલીસ સ્ટેશનોમાંથી ૧ એપ્રિલથી ડિસ્ટર્બ્ડ એરિયા નોટિફિકેશન હટાવવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં જ, નાગાલેન્ડમાં લોકો માટે કામ કરતી સંસ્થાએ નાગાલેન્ડમાં આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટના વિસ્તરણની નિંદા કરી હતી. વાસ્તવમાં, ગયા વર્ષે ડિસેમ્બરની શરૂઆતમાં નાગાલેન્ડના મોન જિલ્લાના ઓટિંગ વિસ્તારમાં પેરા-કમાન્ડો દ્વારા ૧૪ નાગરિકોની હત્યા કરવામાં આવ્યા પછી, ઘણા વર્ગોએ આસ્ફા હટાવવાની માંગ કરી હતી. ગ્લોબલ નાગા ફોરમે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો, જેમાં તેણે કહ્યું હતું કે, "નાગાલેન્ડ, મેઘાલય અને મણિપુર સહિત પ્રદેશની રાજ્ય સરકારોના નેતાઓએ આસ્ફા હટાવવાની અપીલ કરી હતી. વિસ્તારના લોકો અને નાગરિક સમાજ સંગઠનો આસ્ફા હટાવવા માંગે છે. સરકારે તે તરફ ધ્યાન આપવુ જોઈએ.આસ્ફા જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તરના રાજ્યોમાં લાગુ છે. આ કાયદો આ રાજ્યોમાં તૈનાત સેના અને સુરક્ષા દળોને વિશેષ અધિકાર આપે છે. આ હેઠળ, સુરક્ષા દળો કોઈપણ પૂર્વ માહિતી અને વોરંટ વિના લોકોના ઘરની તપાસ કરી શકે છે અને પૂછપરછ કરી શકે છે. માનવઅધિકાર સંગઠન આ કાયદાનો દુરુપયોગ થઈ રહ્યાનો આરોપ લગાવતા રહ્યા છે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ દાયકાઓ પછી નાગાલેન્ડ, આસામ અને મણિપુર રાજ્યોમાં આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ હેઠળ અશાંત વિસ્તારોને ઘટાડવાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય પર ખુશી વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે, "હું ૯ જિલ્લાઓ અને ૧ સબ-ડિવિઝન સિવાય આસામના તમામ વિસ્તારોમાંથી આસ્ફા પાછી ખેંચી લેવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણયનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું." આ સાહસિક નિર્ણય માટે હું ગૃહમંત્રી અમિત શાહનો પણ આભાર વ્યક્ત કરું છું. હવે રાજ્યનો લગભગ ૬૦% વિસ્તાર આસ્ફાના દાયરામાંથી મુક્ત થઈ જશે.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે,આ કાયદો ૧૯૯૦થી અમલમાં છે અને આ પગલું આસામના ભવિષ્યમાં એક નવા અધ્યાયની શરૂઆત કરે છે. આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારાનો પુરાવો છે. શાંતિની શરૂઆત સાથે, ઉત્તર પૂર્વ હવે વિકાસના નવા માર્ગ પર છે. હું આસામના લોકોને પણ અભિનંદન આપું છું, જેમણે શાંતિમાં વિશ્વાસ રાખ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વને કારણે આ ક્ષેત્ર ભારતના વિકાસનું નવું એન્જિન બનવા માટે તૈયાર છે.

# આપની આજ.......

મેષ : આજે તમારો આર્થિક પક્ષ મજબૂત થશે અને ધન, આદર, ખ્યાતિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ સાબિત થશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

વૃષભ : આજનો દિવસ શુભ સાબિત થઈ શકે છે. તમારા હાથમાં કોઈ ચેરિટી કાર્ય થઈ શકે છે. ક્ષેત્રમાં તમારી તરફેણમાં અનુકૂળ પરિવર્તન પણ આવી શકે છે, તમારી પ્રગતિ જોઈને તમારા વિરોધીઓને ઈર્ષ્યા આવશે.

મિથુન : રાજકીય ક્ષેત્રે ખૂબ સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો. અટકેલું કામ પણ પૂર્ણ થશે. ધીમું પાચન અને આંખની સમસ્યાની સંભાવના પણ છે.

કર્ક : પરિવારજનો સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે બપોર સુધીમાં આનંદકારક સુખના સારા સમાચાર મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સાંજે લાંબા સમયથી રાહ જોવાતા મહેમાનના આગમનમાં આનંદ હોઈ શકે છે.

સિંહ : સિંહ રાશિના લોકો આજે પૈસા સંબંધિત બાબતોમાં સારો ફાયદો કરશે. સંપત્તિની સ્થિતિ પણ મજબૂત થશે. વ્યાપારિક યોજનાઓને વેગ મળશે. રાજ્ય સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

કન્યા : પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ પણ મૂલ્યવાન વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે. વ્યસ્તતા વધારે રહેશે અને વ્યર્થ ખર્ચ ટાળો.

તુલા : આજે પત્નીને અચાનક શરીરની પીડાના કારણે ભાગવાની અને વધારે ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. મિલકત ખરીદવા અને વેચતા પહેલા, મિલકતના તમામ કાયદાકીય પાસાઓ વિશે કાળજીપૂર્વક વિચારો. પત્નીની તબિયત સાંજે સુધરશે.

વૃશ્ચિક : ગણેશજી કહે છે, આજે તમે વૃદ્ધ લોકોની સેવા અને સદ્ગુણના કાર્યો પર જરૂરી કરતાં વધુ પૈસા ખર્ચ કરશો. આ તમારા હૃદયને ખુશ કરશે. તમારા વિરોધીઓ આજે ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ તેઓ તમને પરેશાન કરી શકશે નહીં.

ધનુ : આજે વ્યાવસાયિક ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં ફેરફારની યોજના છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મકર : વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર સકારાત્મક યાત્રા થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિથી ઘણી ખુશી મળશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી છુટકારો મેળવશે.

કુંભ : આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. ગૌણ કર્મચારી કે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે. લેવડ-દેવડમાં સાવધાની રાખો, પૈસા અટકી શકે છે. દિવસ દરમિયાન રાજ્ય, કોર્ટના આંટા થઈ શકે છે.

મીન : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. આવકના નવા સ્રોત સર્જાશે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ સન્માન આપશે. વધુ પડતી દોડધામને કારણે હવામાનની વિપરીત અસર સ્વાસ્થ્ય પર પડી શકે છે.

## દાહોદ જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન પાર્ક તથા
# ફાયરસેફ્ટી યોજનામાં ગંભીર ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપ કરાયા

- દાહોદ જિલ્લા શિક્ષણ શાખા દ્વારા વર્ષ-૨૦૨૧-૨૨ માં રમત-ગમતના સાધનો તથા સ્પોર્ટ્સ કિટ ફાયર સેફ્ટીના સાધનો ખરીદીનું ટેન્ડર બહાર પાડ્યા વિના મળતિયા કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની કેફિયત રજૂ કરાઈ.
- કથિત ભ્રષ્ટાચાર સંદર્ભે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ રજૂઆત કરાતા જરૂરી વિગતોની માંગણી થતા આરટીઆઇ કરાઈ.

ગોધરા,

દાહોદ જિલ્લામાં તમામ તાલુકાઓના વહીવટીતંત્રોમાં ભ્રષ્ટાચારનો સડો દિન-પ્રતિદિન પોતાની પકડ જમાવતો જતો હોવાનું જોવા અને સાંભળવા મળે છે. જેમાંથી આવતીકાલ ભારતના ભવિષ્યનું ઘડતર કરનાર શિક્ષણ શાખા પણ લપેટમાં આવી હોવા બાબતે દાહોદ જિલ્લાના એક જાગૃત નાગરિક દ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ વિગતો મેળવવા આરટીઆઇ કરાતા શિક્ષણ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લામાં વર્ષ-૨૦૨૧-૨૨માં ન્યુ ગુજરાત પેટર્ન(TASP) પાર્ક યોજના તથા ફાયર સેફ્ટી યોજનામાં દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના મેળાપીપણાથી કોઈપણ પ્રકારનું ટેન્ડર બહાર પાડ્યા વિના તેમના મળતીયા કોન્ટ્રાક્ટરને કામગીરી સોંપી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવા બાબતે રજૂઆત કરવામાં આવી છે. તેમાં વર્ષ- ૨૦૨૧-૨૨ ન્યુ ગુજરાત પેટર્ન (ટીએએસપી) પાર્ક યોજના હેઠળ રમત-ગમતના સાધનો સ્પોર્ટ કીટ તથા ફાયર સેફ્ટીના સાધનો બાબતે ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના ઊંચી ટકાવારી મેળવી પોતાના મળતીયા કોન્ટ્રાક્ટરને કામગીરી આપી હલકી ગુણવત્તાવાળા માલ સામાનની ખરીદી કરી શાળાઓમાં સામાન પહોંચાડી ફેબ્રુઆરી માસમાં જિલ્લાની તમામ શાળાઓમાંથી પ્રમાણપત્ર મેળવી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ ફાયરસેફ્ટીનો સામાન પણ પોતાના મળતીયા કોન્ટ્રાક્ટર દ્વારા મેળવી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં હલકી ગુણવત્તાનો સામાન પહોંચાડવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હોવાનું તેમજ જે-તે શાળાના આચાર્ય પાસેથી લખાણ લઈ ગેરરીતિ આચરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવ્યું છે. જેમાં કેટલીક શાળાઓની મેનેજમેન્ટ કમિટી પણ જાણતી નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને બારોબાર ચેક મંગાવી લેવામાં આવેલ હોવાની રજૂઆત કરવામાં આવી છે. આ બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી જાણ કરાતા તેઓ દ્વારા જરૂરી વિગતોની માંગણી થતા માહિતી મેળવવા આરટીઆઇ કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લાના એક જાગૃત નાગરિક દ્વારા દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે નીચે મુજબની માહિતીની માંગણી કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. તેમાં વર્ષ-૨૦૨૧-૨૨ માં ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત (ટીએએસપી), બચત રકમ, પાર્ક યોજના, રમત-ગમતના સાધનો, સ્પોર્ટ્સ કિટ પૂરૂં પાડનાર એજન્સીનું નામ અને ટેન્ડર કોપી સહિત જાહેર અખબારની કોપી સાથે જિલ્લામાં તેની ખરીદી માટે કુલ કેટલો ખર્ચ થયો? તેની વિગતો માગવામાં આવી છે.

ફાયર સેફ્ટીના જિલ્લાની કુલ કેટલી શાળાઓમાં સાધનો પૂરા પાડવામાં આવ્યા? તેમાં શાળા દીઠ કેટલી રકમ અને ચેક કોના નામે ફાળવ્યા? તે એજન્સીનું નામ અને ટેન્ડરની કોપી જાહેરાત સાથે માંગવામાં આવી છે. તે સાથે એસ.એમ.સી સભ્યોને વિશ્વાસમાં લીધા છે કે કેમ? જેની વિગતવાર માહિતીની માંગણી કરવામાં આવી છે. તેમજ જિલ્લાની કુલ કેટલી બહુમાળી શાળાઓમાં પાઈપલાઈન દ્વારા ફાયર સેફ્ટીના સાધનો પૂરા પાડવામાં આવ્યા? જેની જાહેરાત જાહેરખબરમાં આપેલ છે કે કેમ? તેમજ સાધનો પૂરા પાડનાર એજન્સીનું નામ-સરનામાની વિગતવાર માહિતી મેળવવા આરટીઆઈ દ્વારા જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આમ, દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ન્યુ ગુજરાત પેટર્ન તથા ફાયરસેફ્ટી યોજનામાં ગેરરીતિ આચરવામાં આવી હોવા બાબતે કથિત કૌભાંડ બાબતે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત થતાં જાહેર માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ આરટીઆઈ દ્વારા માહિતીની માંગણી કરાતા જવાબદાર વહીવટી તંત્રો સહિત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ચકચાર મચી જવા પામી હોવાનું જાણવા મળે છે.

## દ્વિતીય પીઠાધીશ્વર કલ્યાણ રાયના પૌત્રઓનું યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ ૨ થી ૭ એપ્રિલ વિઠ્ઠલનાથ મંદિર નાથદ્વારા ખાતે મનોરથ યોજાશે

દાહોદ,

પુષ્ટિમાર્ગીય વલ્લભ સંપ્રદાયની દ્વિતીય પીઠ વિઠ્ઠલાથજી મંદિરના પીઠાધીશ્વર ગોસ્વામી હરિરાય બાવાના પુત્ર ચિરંજીવ ગોસ્વામી વદ્રાન્ય રાય બાબા અને દ્વિજરાજ બાબાના યજ્ઞોપવીત પ્રસ્તાવ ૨ થી ૭ એપ્રીલ સુધી નાથદ્વારા ખાતે યોજાનાર છે.

મંદિરમાં આયોજીત પ્રેસ વાર્તામાં હરિરાય બાવાના જણાવ્યાં અનુસાર, પ્રસ્તાવના અંતર્ગત પ્રભુ વિઠ્ઠલનાથજીમાં વિવિધ મનોરથ તેમજ યજ્ઞોપવીત સંસ્કારના કાર્યક્રમોની તૈયારી જારી છે. ૨ એપ્રીલના રોજ ૫૬ ભોગનું આયોજન કરવામાં આવેલ છે. ૩ એપ્રિલના રોજ મંદિરમાં ગ્રહ શાંતિ તેમજ સાંજે સાસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે. ૪ થી ૭ એપ્રિલ સુધી સ્થાનીક વલ્લભ વિસાલમાં ગણેશ સ્થાપના, કુલ દેવતાં સ્થાપના, વૃધ્ધિની સભા તેમજ બીનેકી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. ૬ એપ્રિલના રોજ યજ્ઞોપવિત પ્રસ્તાવ રજુ કરવામાં આવશે જેમાં લગભગ ૧૦૦ થી ૧૫૦ વલ્લભ કુલના આચાર્ય તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર, મદયપ્રદેશ, રાજસ્થાન તેમજ વિદેશોથી વૈષ્ણવો આવવાની સંભાવનાઓ છે. આ અવસરે પ્રભુ વિઠ્ઠલનાથજી મંદિરમાં વિવિધ મનોરથનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સાહિબાનની મંડળી, મોટા મનોરથ, ફળ, ફુલનું ઉછેર, રાજ દરબાર, ચૈત્રી ગુલાબની મંડળી, ગણગૌરની સવાર, અંગુરની મંડળી, પુષ્પ વિતાન વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે. બહુપ્રતીક્ષિત યજ્ઞોપવીત પ્રસ્તાવ કાર્યક્રમ પુર્વે ૩૧ માર્ચ ૨૦૨૦માં નિર્ધારીત હતો જેમાં કોરોનાના કારણે સ્થગિત કરવામાં આવેલ હતો. તારીખ ૨ થી ૭ એપ્રિલ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં છપ્પનભોગ, ગીત, સંગીત, રાશ-ગરબા, નૃત્ય, ગાયીકા, મેડીકલ કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો વિગેરે પણ યોજાનાર છે.

આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સમીતીઓની રચના કરવામાં આવી છે અને બહારથી આવનારા વૈષ્ણવો માટે પ્રસાદી અને રહેવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાંથી વૈષ્ણવો આ કાર્યક્રમ આવનાર છે. કાર્યક્રમની સંપુર્ણ તૈયારીઓ પુર્ણ થવા આવી છે.

## સંજેલી ૧૦૮ના EMT તેમજ પાયલોટનું દિલધડક રેસ્ક્યુ : વરોડ નજીક માછળનાળામાં ડૂબી રહેલા આધેડનો જીવ બચાવ્યો



સંજેલી,

ઝાલોદ તાલુકાના માછળનાળા પુલ પાસે એક આધેડ નદીમાં કૂદી જતા દાહોદ થી દર્દીને મૂકી પરત લોકેશન પર જતા સંજેલીના ઈએમટી તેમજ પાયલોટે સતર્કતાથી સ્પાઈન બોર્ડની મદદથી હેમખેમ બહાર કાઢી સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો.

ઝાલોદ તાલુકાના ટાંડી ગામના મનુભાઈ હરસીંગભાઈ ભાભોર અગમ્ય કારણોસર ઝાલોદ તાલુકાના વરોડ નજીક માછણ નાળા ડેમમાં કૂદી પડ્યા હતા. ત્યારબાદ ઘટનાને લઈ આસપાસના લોકો ભેગા થયાં હતા. તે સમયે સંજેલી થી દાહોદ ના ઝાયડસ હોસ્પિટલમાં દર્દીને મુકવા ગયેલા ઈમરજન્સી ૧૦૮ સંજેલી લોકેશનના EMT કલ્પેશ તાવીચાડ તેમજ પાઈલોટ ગણપત નિનામા માછલનાળા પુલ પાસે લોકોને જોઈને ઊભા રહ્યા હતા. ત્યારબાદ નજર નીચે પડતા એક વ્યક્તિ ડૂબતો દેખાતા તેઓએ પળનો વિલંબ કર્યા વગર કેસ અસાઈન કરાવી આધેડના રેસ્ક્યુમાં જોતરાયા હતા. પરંતુ ડૂબતો માણસ પુલથી દૂર હોવાથી ઊખઝ તેમજ પાયલોટ સ્પાઈન બોર્ડ તેમજ દોરડું લઈ ડેમમાં ઝંપલાવ્યું હતું અને ફાઈન બોર્ડની મદદથી ડૂબી રહેલા ઈસમને હેમ કેમ બહાર કાઢી વધુ સારવાર અર્થે લીમડી સીએસસી સેન્ટર ખાતે લઈ ગયા હતા. આ ઘટનામાં ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓએ સમય સુચકતા વાપરી પોતાનો જીવ જોખમમાં મૂકી પાણીમાં ડૂબી રહેલા વ્યક્તિના જીવ બચાવી ઉત્કૃષ્ટ કામગીરી નો ઉત્તમ દાખલો પૂરો પાડ્યો હતો. જે સરાહનીય છે.

## દાહોદ જીલ્લામાં કાગળો પર દારૂબંધી ચાલે છે...?
## દે.બારીયા તાલુકાના નગવાવમાં ફોરવ્હીલમાં લઈ જવાતો ૧.૫૪ હજારનો દારૂ તથા બીયરનો મોટો જથ્થો પકડાયો

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના નગવાવ ગામે સાગટાળાની પોલીસે વાંદર ગામ તરફ જતા રોડ ઉપર સાગટાળા પોલીસે વોચ ગોઠવીને બાતમી મુજબ દર્શાવેલ જીજે.૦૬.બીકયુ.૮૮૨૦ નંબર પ્લેટની સફેદ કારની ટાટા સુમો ફોર વ્હીલ ગાડી દુર થી આવતી નજરે પડતા તાકીને ઉભેલા પોલીસ એકસનમાં આવી ચોકકસ થતા પોલીસની વોચ ગોઠવેલા આઠસો ફોર વ્હીલ ગાડીના ચાલકે દુરથી જોઈ લેતા પોતાના કબ્જાની ફોર વ્હીલ ગાડી દારૂના અને બીયરના જથ્થા સ્થળ ઉપર જ મુકી નાશી જવામાં સફળ થયો અને સ્થળ ઉપર દારૂ બીયરના જથ્થા સાથે ગાડીને મુકી નાસી ગયો હતો. જે ગાડીને સાગટાળા ગ્રામ્ય પોલીસે કબજે લીધી અને તલાસી લેતાં ગાડી માંથી લાખ્ખોની કિંમતના લંડન પ્રાઈડ વિસ્કી કવાર્ટસ નંગ-૨૪૦ ભરેલી પેટી નંગ-૫ તથા રૂા.૭૨ હજારની કિંમતના માઉન્ટન બીયર ટીન નંગ-૭૨ ભરેલ પેટી નંગ-૩ રૂા. ૯૯,૮૪૦/-ની કિંમતના રોયલ સીલેકટ ડીલક્ષ વિસ્કીના પ્લાસ્ટીકના કવાટર્સ નંગ-૧૬ તથા રૂપીયા ૭ હજાર કિંમતના છુટા બીયર ટીન નંગ-૭૦ મળીને કુલ રૂા.૧,૫૪,૮૪૦/-ની જેવી માતબર રકમનો વિદેશી બિયર પકડી પાડયો છે. પરંતુ તેમાંથી કેટલો જથ્થો ઈંગ્લીશ કવાટરીયા ખુદ પોલીસ કર્મીઓ પી નાખશે. તેવું બુટલેગરોમાં ચર્ચાઈ રહ્યું છે. જેથી સદર દારૂનો જથ્થો એક સીસી કુટેજવાળા સ્ટ્રોંગ રૂમમાં રાખવા માટે ગૃહ વિભાગ પ્રાવધાન કરે તેવું બુદ્ધીજીવીઓનો અભિપ્રાય છે.

ઉપયોગમાં લેવાયેલી ફોર વ્હીલ ગાડીની કિંમત રૂા. ૧૦,૦૦૦/-ની ગાડી સાથે કુલ રૂા.૩,૬૪,૮૪૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ લીધો છે અને ગાડીના ચાલક વિરૂદ્ધ પ્રોહિબીશનનો ગુનો નોંધી આગલી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, તમામ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ જથ્થો દર ત્રણ માસના સમયગાળામાં નાશ કરવાનો પ્રાવધાન હાથ ધરાય તેમજ પકડાયેલો દારૂનો જથ્થો સગેવગે થતો અટકશે જેમ ચાલે છે. તેમ ચાલવાની નીતિ ચાલતી રહેશે તો ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી ખાલી કાગળો ઉપર જ સીઝન રહેશે. અંગ્રેજોના સમયના બોમ્બે એકટમાં સોચ વિચાર કરવાનો સમય પાકી ગયો છે.

## સંજેલી પરીક્ષા કેન્દ્ર ખાતે ચાલુ પરીક્ષાએ ત્રણ થી ચાર વિદ્યાર્થીઓની તબિયત બગડતા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સારવાર કરાઈ



સંજેલી,

આરોગ્ય વિભાગ આર.બી એસ.કે.ની ટીમ દ્વારા સંજેલીના એક પરીક્ષા કેન્દ્ર ઉપર ચાલુ પરીક્ષાએ જ ત્રણથી ચાર વિદ્યાર્થીઓની તબિયત બગડતાં તાત્કાલિક સારવાર કરવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં પરીક્ષા આપવા આવેલ ધોરણ ૧૦ના ૩ થી ૪ વિદ્યાર્થી અને ચાલુ પરીક્ષા સમય દરમિયાન જ પરીક્ષા ખંડમાં જ તબિયત બગડી હતી તેમજ ચક્કર આવવાના શરૂ થતા જ ત્યાં જ સ્થળ ઉપર હાજર આરોગ્ય વિભાગની આર.બી એસ.કે ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે પરીક્ષા કેન્દ્ર પર હાજર રહી અને તબિયત બગડેલ ત્રણથી ચાર વિદ્યાર્થીઓને ચાલુ પરીક્ષા દરમિયાન ચક્કર આવ્યા છેતેની જાણકારી મળતા જ આર.બી એસ.કે.ની ટીમ દ્વારા તેમની ઈમરજન્સી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. તેમજ આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી. જેમાં ૩ થી ૪ વિદ્યાર્થીઓની સારવાર કરી અને તેમને સ્વસ્થ જણાતા ફરી પરીક્ષા ખંડમાં બેસાડવામાં આવ્યા હતા. આમ, સંજેલીમાં આવેલ સરદારસિંહ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય ખાતે પરીક્ષા કેન્દ્રમાં ત્રણ થી ચાર જેટલા પરીક્ષાર્થીઓને તબિયત બગડતા આર.બી એસ.કે.ની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે તેમની સારવાર કરી અને સ્વસ્થ થતાં તેમને પરીક્ષા ખંડમાં ફરી પરીક્ષા આપવા માટે બેસાડ્યા હોવાનું આરોગ્ય વિભાગની આર બી.એસ.કે. ટીમ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

## કોરોનાના કપરાકાળ બાદ શાળાઓ ખુલતા દાહોદ જિલ્લાનાં ૧૬૪૪ કેન્દ્રો ખાતે મધ્યાહન ભોજનનો પુનઃપ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોનાના કપરાકાળ બાદ શાળાઓ ખુલતા દાહોદ જિલ્લામાં હવે મધ્યાહન ભોજનનો પુનઃપ્રારંભ કરાયો છે. બાળકના ભણતરની સાથે તેમનું પોષણ સુનિશ્ચિત કરતી પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના -મધ્યાન ભોજન યોજનાનો જિલ્લાના તમામ ૧૬૪૪ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે પ્રારંભ થયો છે. આજે જિલ્લાના અંદાજે પોણા બે લાખ જેટલા બાળકોએ મધ્યાહન ભોજન યોજના અંતર્ગત પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું. તેમ દાહોદના મધ્યાહન ભોજન યોજનાના નાયબ કલેક્ટર ફાલ્ગુન પંચાલે જણાવ્યું છે.

## દે.બારીયાના નાગવાવ ગામેથી ફોર વ્હીલમાં લઈ જવાતો ૩ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના નાગવાવ ગામેથી સાગટાલા પોલીસે ફોર વહીલર ગાડીમાંથી સવા બે લાખ ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે દારૂ લાવનાર બુટલેગર પોલીસને ચકમો આપી ફરાર થઈ જતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો તેમજ ફોર વહીલર ગાડી જપ્ત કરી ૩.૬૪૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂની હેરફેરમાં સામેલ ફોર વહીલર ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરયો છે. ગત તારીખ ૨૯/૦૩/૨૦૨૨ ના રોજ દેવગઢ બારીયા તાલુકાના નાગવાવ ગામે વાંદર ગામ તરફ જવાના રસ્તા પર GJ- 06- BQ-8820 નંબરના ટાટા વિસ્ટા ફોર વહીલર ગાડીનો ચાલક વિદેશી દારૂનો જથ્થો ભરી લાવ્યો હતો. તે દરમિયાન વાંદર ગામ તરફ જવાના રસ્તે પોલીસની નાકાબંધી જોઈ ફોર વહીલર ગાડીનો ચાલક પોતાની ગાડી રસ્તામાં મૂકી ભાગી ગયો હતો. ત્યારબાદ પોલીસે ફોર વહીલર ગાડીની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટ્ટીઓ તેમજ પ્લાસ્ટિકના ક્વાટર્યા મળી ૨,૧૦,૦૦૦ નો વિદેશી દારૂ તેમજ ફોર વહીલર ગાડી મળી કુલ ૩,૬૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ત્યારે આ બનાવ સંદર્ભે સાગટાલા પોલીસે વિદેશી દારૂનો જથ્થો લાવનાર ગાડીના ચાલક વિરૂદ્ધ પ્રોહીનો ગુનો દાખલ કર્યો હતો અને આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

## મધ્યપ્રદેશમાં આ વર્ષથી હિન્દીમાં MBBSનો અભ્યાસ શરૂ થશે : શિવરાજ

ભોપાલ,

મધ્યપ્રદેશ દેશનું પહેલું રાજય છે જયાં એમબીબીએસનો અભ્યાસ હિન્દીમાં શરૂ થવા જઈ રહ્યો છે.રાજયના મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણે તેની જાહેરાત કરી છે.મુખ્યમંત્રીએ કહ્યું જયારે દુનિયાના તમામ દેશ પોતાની ભાષામાં અભ્યાસ કરે છે તો આપણે અંગ્રેજીના ગુલામ આખરે કેમ બનીએ.

રાજય દ્વારા હિન્દીમાં એબીબીએસનો અભ્યાસ કરવાની જાહેરાત કરતા તેમણે કહ્યું કે ગરીબ બાળકો કે ગામડામાંથી આવનારા બાળકો પ્રતિભાશાળી હોવા છતાં પણ અંગ્રેજી ન આવડવાને કારણે ખુદને નબળા આંકી રહ્યાં છે રાજય સરકાર એમબીબીએસ કોર્સ અને તેના પુસ્તકો પર કામ કરી રહી છે.આ વર્ષથી દેશમાં પહેલીવાર અમે અમારી માતૃભાષામાં મેડિકલનો અભ્યાસ શરૂ કરીશું.

તેમણે કહ્યું કે ગર્વની સાથે કહી રહ્યો છું કે એન્જીનિયર સહિત અન્ય અભ્યાને હિન્દીમાં શરૂ કરી એ મિથ્યને તોડી દઈશુ કે અંગ્રેજી જરૂરી છે દેશના ગરીબ ગ્રામીણ વિસ્તારોના બાળકો અને મધ્યવર્ગીય પરિવારોને તેનો લાભ મળશે.

## દાહોદના માર્ગો ઉપર ખુલ્લી તલવાર સાથે ફરતા ભગવાધારીનું રહસ્ય તપાસ થશે



દાહોદ,

દાહોદ શહેરમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ તારીખે આવવાના છે. ત્યારે દાહોદ શહેરમાં બુધવારના રોજ સાંજના સમયે માર્ગો પર એક ભગવાધારી ખુલી તેજ ધાર ધાર તલવાર લઈ ફરી રહ્યો છે. શું તંત્રના સીસી કેમેરા આવા દ્રશ્ય જોવા તૈયાર નથી. આમ, તો કોઈ ટુ વ્હીલર પર મોબાઈલ પર વાત કરતો દેખાય તો એનાથી ૩૦૦ થી ૫૦૦ રૂપિયાનું મમુ ઘરે મોકલવા તૈયાર હોય છે પણ ભગવાધારી કોણ છે. શું કોઈ વિરોધ પાર્ટી દ્વારા કરવામાં આવતું કાવતરૂં નથી. આ ભગવાધારી કોણ છે. તંત્ર તપાસ કરશે ખરા? કે તંત્ર મોટી ઘટનાની રાહ જોશે? શું છે ભગવાધારી પાછળનું રહસ્ય શું છે આ તલવાર લઈને દાહોદ શહેરના માર્ગ પર ફરવાનું શું કારણ છે તપાસ કરશે તંત્ર.

## મધ્યપ્રદેશમાં ખરીફ પાક લોનની ચુકવણીની છેલ્લી તારીખ ૩૧ માર્ચથી વધારીને ૧૫ એપ્રિલ કરવામાં આવી


ભોપાલ,

સરકારે ખેડૂતોને મોટી રાહત આપી છે. હવે ખરીફ પાક લોનની ચુકવણીની છેલ્લી તારીખ ૩૧ માર્ચથી વધારીને ૧૫ એપ્રિલ કરવામાં આવી છે. આ સમયગાળાનું વ્યાજ સરકાર ચૂકવશે. ગુરુવારે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ચૌહાણે કહ્યું કે ખેડૂતો માટે ખરીફ પાક લોનની ચુકવણીની છેલ્લી તારીખ ૩૧ માર્ચથી વધારીને ૧૫ એપ્રિલ કરવામાં આવી રહી છે. ખરીફ પાક માટે ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજ દરે લોન આપવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. લોનની ચુકવણીનો સમયગાળો આજે ૩૧ માર્ચે પૂરો થાય છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, ઘણા ખેડૂત ભાઈઓ અને બહેનો આ રકમ જમા કરાવી શક્યા નથી. મુદત પૂરી થયા પછી તેઓ ડિફોલ્ટર બનશે અને ડિફોલ્ટર પછી વધુ વ્યાજ ચૂકવવું પડશે. આને ધ્યાનમાં રાખીને, ખરીફ પાક લોનની ચુકવણીની છેલ્લી તારીખ લંબાવીને ૧૫ એપ્રિલ કરવામાં આવી રહી છે. આનાથી ખેડૂતોને લોનની ચુકવણી કરવામાં સરળતા રહેશે અને તેઓ ડિફોલ્ટર નહીં રહે.

મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વિસ્તૃત સમયગાળા માટે લોન પરનું વ્યાજ રાજ્ય સરકાર ચૂકવશે. જેની રકમ ૬૦ કરોડ જેટલી થશે. આ રકમ રાજ્ય સરકાર ખેડૂતો વતી ભરવામાં આવશે. આનાથી ખેડૂતો તેમની લોનની રકમ અનુકૂળ રીતે ભરી શકશે અને તેઓ ડિફોલ્ટર બની શકશે નહીં.

## દાહોદ તાલુકાના રળીયાતી ગામે પંડિત દિન દયાલ કોલોનીમાં પતિ-પત્નીએ સજોડે ગળેફાંસો ખાઇ આયખું ટૂંકાવ્યું



દાહોદ,

દાહોદ તાલુકાના રાણીયાતી ગામે પંડિત દિનદયાલ ઉપાદયાય કોલોની ખાતે પતિ-પત્નીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લેવાનો જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના રળીયાતી ગામ ખાતે આવેલા પંડિત દિન દયાલ કોલોની ખાતેના રહેવાસી પતિ પત્નીએ તેના ઘરમાં દોરડા વડે ગળેફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. આ બનાવની જાણ આસપાસના સ્થાનિકોને થતા તેઓએ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી બંને મૃતકોના વૃદ્ધ દેશનો કબજો લઈ પીએમ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે. હાલ આ બનાવ સંદર્ભે પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે ઉપરોક્ત બંને પતિ-પત્નીએ કયા કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. તે રહસ્ય અકબંધ રહેવા પામ્યું છે. આત્મહત્યાના બનાવના પગલે આસપાસનાં સ્થાનિકોમાં ચર્ચાનો દોર શરૂ થવા પામ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.185

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા(ક)ની જમીન વેચાણ રાખનાર દાહોદના રાવત કુટુંબ અને વેચાણ લખી આપનાર બન્ને બિનખેડુત

### ગોધરા મામલતદાર માત્ર ને માત્ર ૪ મીટર જમીન થી બિનખેડુતને ખેડુત બનાવ્યો તે જમીન પણ સીટી સર્વેમાં તબદીલ થયેલ છે

ગોધરા,

ગોધરા પ્રાંત શ્રી તકરારી કેસ નંબર ૨૦૦/૨૦૨૧ તા.૮/૧૨/૨૦૨૧માં જજમેન્ટ આવતાં પહેલા કુતુબદ્દીન નુરૂદ્દીન રાવત એ ૭૩ એ.એ.વાળી જમીનનોનો પોતાના જજમેન્ટમાં વાંધેદારનો જવાબમાં ચાલુ ગણોત કેસ નં.૧/૨૦૨૦ ચાલુ હોવા છતાં રજીસ્ટર દસ્તાવેજ કરી નોંધ નં.૭૧૧૮૨ મંજુર કરાવી ખેડુત બનેલ છે. જીલ્લા કલેકટર તથા તકેદારી આયોગ ગાંધીનગર થી પણ અહેવાલ માંગવામાં આવેલ છે.

જયારે નોંધ નં.૬૧૨૮૮માં ખોટી વારસાઈ કરી ખેડુત બનાવેલ છે. જે સીટી સર્વેમાં તબદીલ હોવા છતાં ફારૂક મોહમદ ભાણાના પિતા મોહમદ ઈબ્રાહીમ ભાણા એ ખેડુત બનાવાના આશરે ફકત ૦૦.૦૦૪ મીટર પર શહેર મામલતદાર એમ.એમ.ભાભાૉર દ્વારા બીનખેડુતોને ખેડુત બનાવેલ છે અને રાવત કુટુંબના ખેડુતો ન હોવા છતાં વેચાણ દસ્તાવેજ નોંધ નં.૭૧૧૮૧ની નોંધ રેકર્ડ રૂલોર મુજબ જણાવેલ નથી અને કાયદા તથા રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટનો અનાદર કરેલ નોંધ નંબર ૭૧૧૮૧ મંજુર કરતા પહેલા પ્રાત અધિકારી સુશ્રીએ નોંધ નં.૬૧૨૭૮ના તલાટીના જવાબ પંક કયાસમાં ક્ષેત્રફળ માત્ર ને માત્ર ૦૦,૦૦૪ મીટરનો ઉલ્લેખ કરેલ છે અને મંજુર કરનાર અધિકારીની સહી નથી આમ, નુરૂદદ્દીન કુતુબદ્દીન રાવત તથા ફારૂક મહમંદ ભાણા વિગેરે ખેડુતો ન હોય તેમ છતાં અવલોક અધિકારી પ્રાંત ગોધરાને આદેશ જીલ્લા કલેકટર પંચમહાલના પત્રોનું પણ અવગણના કરી સત્ય હકીકતો વેગડી રાખી સરકાર સાથે ખુબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ બિનખેડુતોને ખેડુત બનાવેલ છે અને ખોટી તકરાર કરી કેસ ચલાવેલ છે. કોઈપણ મિલ્કત લેતા પહેલા દાહોદના કુતુબદદ્દીન રાવત મિલ્કતો લેતા પહેલા ટાઈટલ કલીયર ન હોવા છતાં ગણોત કેસ નંબર ૧/૨૦૨૦ બિનખેડુતોની ચાલુ હોવા છતાં એમ.એમ.ભાભોરના મેળાપીપણામાં અને ગોધરા સબરજીસ્ટાર બિનખેડુતોનો વેચાણ દસ્તાવેજ બનાવી ખુબ જ મોટા પ્રમાણ સરકાર સાથે વિશ્વાસઘાત કરેલ છે.

## કાલોલ તાલુકાના વેજલપુર સર્કલ ઓફિસર અને આઉટ સોર્સ કર્મચારી જમીન N.A.ના અભિપ્રાય માટે ૨૨,૦૦૦ રૂપીયાની લાંચ લેતા વડોદરા ACB એ રંગેહાથે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર સર્કલ ઓફિસર અને આઉટ સોર્સ કર્મચારીએ અરજદાર પાસે જમીન એન.એ. કરવાના અભિપ્રાય આપવા માટે ૨૨ હજારની લાંચની માંગણી કરી હોય. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી વડોદરા એસ.સી.બી. કચેરીમાં ફરિયાદ કરી હતી. અરજદારની ફરિયાદના આધારે આજરોજ વડોદરા એ.સી.બી. દ્વારા સર્કલ ઓફિસર અને આઉટ સોર્સ કર્મચારીને લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા.



કાલોલ તાલુકાના વેજલપુર ગામે રહેતા અરજદાર જમીન એન.એ. માટે પ્રક્રિયા કરેલ હોય અને એન.એ.માટે વેજલપુર સર્કલ ઓફિસરના અભિપ્રાય આપવા માંગણી કરી હતી. ત્યારે જમીન એન.એ.નો અભિપ્રાય આપવા માટે સર્કલ ઓફિસર જીતેન્દ્ર ખરાદી દ્વારા ૨૨,૦૦૦/- રૂપીયાની લાંચની માંગણી કરવામાં આવી હતી. અરજદાર જમીન એન.એ.ના અભિપ્રાય માટે માંગેલ લાંચ આપવા માંગતા ન હોવાથી વડોદરા એ.સી.બી.કચેરીના અધિકારીનો સંપર્ક કરીને વેજલપુર સર્કલ ઓફિસર દ્વારા માંગવામાં આવતી લાંચ અંગે ફરિયાદ કરેલ હોય અરજદારની ફરિયાદના આધારે વડોદરા એ.સી.બી. દ્વારા લાંચિયા કર્મચારીને ઝડપી પાડવા છટકું ગોઠવવામાં આવ્યું હતું અને આજરોજ વેજલપુર સર્કલ ઓફિસર જીતેન્દ્ર ખરાદી અને આઉટ સોર્સ કર્મચારી કૌશિક જાદવને ૨૨,૦૦૦/- રૂપીયા લેતાં રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. વેજલપુર સર્કલ ઓફિસર અને આઉટ સોર્સ કર્મચારી ૨૨,૦૦૦/- રૂપીયાની લાંચ લેતા વડોદરા એ.સી.બી.ના છટકામાં આબાદ ઝડપાઈ જતાં પંચમહાલ જીલ્લાના રેવન્યુ વિભાગના અન્ય લાંચિયા અધિકારી કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ઘોઘંબા પોસ્ટ ઓફિસના સબ પોસ્ટ માસ્તરે સહ મહિલા કર્મીની છેડતી કરતાં રાજગઢ પોલીસ મથકે ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા ગામે આવેલ પોસ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા કર્મચારી દ્વારા મહિલા સહ કર્મચારીની છેડતી કરતાં મહિલા કર્મચારી દ્વારા રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા ખાતે આવેલ પોસ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા જયેશભાઈ મગનભાઈ ઓડ દ્વારા સોમવારના રોજ પોસ્ટ કર્મચારીઓ હડતાલ ઉપર હોવા છતાં સહ મહિલા કર્મચારીને ઓફિસીયલ કામના નામે પોસ્ટ ઓફિસમાં બોલાવવામાં આવ્યા હતા. પોસ્ટ ઓફિસમાં અન્ય સ્ટાફ પોસ્ટની હડતાળને કારણે હાજર ન હતો. તેનો લાભ લઈ જયેશ ઓડ દ્વારા મહિલા કર્મચારી પાસે અઘટીત માંગણી કરતાં પિતાની ઉંમરના અધિકારી દ્વારા આવી અઘટીત માંગણીને લઈ મહિલા કર્મચારી ઠગાઈ ગઈ હતી. આ ઘટના બાદ મહિલા કર્મચારી સમય સુચકતા વાપરીને પોસ્ટ ઓફિસ માંથી નિકળી ગયા હતા. ત્યારબાદ આ ઘટના અંગે પરિવારજનો તેમજ મકાન માલિક દ્વારા રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. રાજગઢ પો.સ.ઈ. છેડતીની ફરિયાદ નોંધાવી હતી. રાજગઢ પો.સ.ઈ. છેડતીનો ભોગ બનેલ યુવતિની ફરિયાદ નોંધી આરોપી જયેશ ઓડની ધરપકડ કરી તેની કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ અને મેડીકલ ટેસ્ટ માટે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

> ઘોઘંબા પોસ્ટ ઓફિસમાં સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા અને સીધાસાદા લાગતા આ અધિકારી આવું કૃત્ય કરી શકે તેવું પોસ્ટ ઓફિસના અન્ય કર્મચારીઓના માન્યમાં આવતું નથી પરંતુ એકલતા રાક્ષસનું ઘર હોય તેમ એકલી યુવતિને મગજમાં વાસનો કીડો સળવળતા પોતે ભુલ કરી બેઠા હોવાની મૌખિક કબુલાત સાથે પસ્તાઈ રહ્યા હોવાની દયનીય ભાષામાં વાત કરી પરંતુ એક સરકારી કર્મચારી દ્વારા સહ મહિલા કર્મચારી સાથે કરવામાં આવેલ કૃત્ય વિરૂદ્ધ રાજગઢ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લા ક્વોરી સંચાલકો દ્વારા વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે અધિક નિવાસી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું



ગોધરા,

પંચમહાલ જિલ્લા ક્વોરી સંચાલકો દ્વારા અધિક નિવાસી કલેકટરને વિવિધ પડતર માંગણીઓ સંતોષવા સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, સરકાર દ્વારા ગુજરાત ક્વોરી ઉદ્યોગને લગતા પ્રશ્નો બાબતે અમારા એસોસીએશન સાથે થયેલ લેખિત સમાધાન મુજબ આજદિન સુધી અમલ થયો નથી. આ બાબતે અમે વારંવાર ખાણ અને ખનિજ મંત્રી તેમજ કમિશ્નરને રૂબરૂ તેમજ પત્ર દ્વારા રજૂઆતો કરી હતી. નવી સરકાર બન્યા બાદ પણ મુખ્યમંત્રીને અમારા ગુજરાત એસોસિએશનના હોદ્દેદારોએ બે થી ત્રણ વખત રૂબરૂમાં લેખિત અને મૌખિક રજૂઆત કરી છે. જે વાતને પણ બે માસથી વધુ સમય વીત્યો છે. તેમ છતાં કોઈ પ્રતિભાવ કે ઉકેલ આવ્યો નથી. આવા સંજોગોમાં જો અમારા પ્રશ્નોનું નિરાકરણ ૩૦ દિવસમાં નહીં આવે તો અમારા ઉદ્યોગો અમારાથી કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય તેમ નથી અને અમોને ના છૂટકે અમારા ધંધા બંધ કરવાની ફરજ પડશે અને ઉદ્યોગો બંધ કર્યા પછીના આર્થિક નુકશાન તેમજ લાખો કામદારોની રોજગારીની જવાબદારી સરકારની રહેશે. ક્વોરી સંચાલકો દ્વારા સિસ્ટમ ઓડિટ ખાડા માપણી, ઈ-રોયલ્ટી પાસ બાબત, વજનકાંટો ઓવરલોડિંગ બાબત, ક્વોરીલીઝ મંજૂરી કરાવવા બાબત, ઓવર બર્ડન હટાવવા બાબત/પરમીટ બાબત, જે ફોર્મના સરળીકરણ બાબત, એકસૂત્રતાથી અમલીકરણ બાબત, એક હેકટરથી ઓછા વિસ્તારની લીઝો આપવા બાબત વગેરે જેવા મુદ્દાઓ અંગેની માંગણીઓ સંતોષવા માટેનો ઉલ્લેખ આવેદનપત્રમાં કરવામાં આવ્યો હતો.

## ગોધરા તીરગરવાસના રહિશને વિધી કરી આપવાના બહાને કપડવંજ અને કોઠંબાના ભેજાબાજોએ ૩ લાખની છેતરપિંડી કરી

ગોધરા,

ગોધરા શહેરના પાવર હાઉસ વિસ્તારના તીરગરવાસમાં રહેતા રહીશને કપડવંજ અને કોઠબાના ભેજાબાજોએ વિધિ કરી આપવાના બહાને રૂ.૩ લાખ ઉપરાંતની છેતરપિંડી તેમજ ઠગાઈ કરી ગુન્હો કર્યો હતો. ત્યારે આ મામલે શહેર પોલીસ મથકે બે ભેજાબાજો સામે ફરિયાદ નોધાતા પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા શહેરના પાવર હાઉસ વિસ્તારમાં આવેલા તીરગરવાસમાં રહેતા હિતેન્દ્ર દલસુખભાઈ ચૌહાણે ગોધરા શહેર બી ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તા.૧૧.૮.૨૧ થી ૨૩.૧૦.૨૧ નાં સમયગાળા દરમિયાન અમારા નિવાસ સ્થાને કપડવંજ નાં ધરમનાથ ઉર્ફે મંગળભાઈ વિચ્છુનાથ મદારી અને કોઠબા નાં રમેશભાઈ પોપટભાઈ મદારી એ અમોને વિધિ કરી આપવાના બહાને વિશ્વાસમાં લઈ છેતરપિંડી કરી ડરાવી ધમકાવી રોકડા રૂ.૩,૦૨,૫૦૦ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩,૦૩,૪૦૦ લઈ જઈ મારી સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી ગુન્હો કર્યો હતો. જેમાં પોલીસે કપડવંજના ભેજાબાજને ઝડપી પાડ્યો હતો. જ્યારે કોઠબા નાં ભેજાબાજનાં ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

## ઘોઘંબાના સીમલીયા પ્રા.શાળાનો મધ્યાહન ભોજનનો સામાન ટેમ્પામાં સગેવગે કરવાના આક્ષેપ સાથે હોબાળો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સીમલીયા પ્રાથમિક શાળામાં કાર્યરત મધ્યાહન ભોજન યોજનાનો સામાન ટેમ્પામાં સગેવગે કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ ભારે હોબાળો મચાવવાની સાથે ટેમ્પાને ઝડપી પાડી દામાવાવ પોલીસને સુપ્રત કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૩૦મી માર્ચના રોજ ઘોઘંબા તાલુકાના સીમલીયા પ્રાથમિક શાળા ખાતે મધ્યાહન ભોજન યોજનાનો સામાન લઈ ટેમ્પો પ્રાથમિક શાળા ખાતે આવ્યો હતો.જેમાં બાળકોના ભોજન માટેનાં ઘઉં,ચોખા,તેલ,હળદર,બટાકા,ચણા દાળ,તુવેર દાળ,ચણા વગેરે હતા. સામાન ટેમ્પામાં સીમલીયા પ્રાથમિક શાળા ખાતે લાવવામાં આવ્યો હતો. જે વેળાએ થોડોક સામાન ટેમ્પામાંથી ઉતારવામાં આવ્યો હતો અને બીજો સામાન લઈને ટેમ્પા ચાલક શાળા ની બહાર જતો હોવાથી ગ્રામજનોએ તેને ઝડપી લીધો હતો અને ટેમ્પામાં તપાસ કરતા મધ્યાહન ભોજનનો સામાન સગેવગે કરવામાં આવતો હોવાનો આક્ષેપ સ્થાનિક ગ્રામજનોએ લગાવ્યો હતો. જેને લઈ મામલો ઉગ્ર બનતા ઘોઘંબા મામલતદાર ને જાણ કરવામાં આવી હતી. બાળકોના ભોજન માટેનો સામાન સગેવગે કરવામાં મધ્યાહન ભોજન સંચાલકનો પણ હાથ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. કોરોનાના કારણે બંધ થયેલી યોજના સરકાર દવારા ચાલુ કરવાની સાથે મધ્યાહન ભોજન સંચાલકની પોલ ખુલ્લી પડતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને ટેમ્પો ઝડપી પાડી દામાવાવ પોલીસ ને સુપ્રત કરવાની સાથે ગ્રામજનોએ યોગ્ય કાર્યવાહીની માંગ કરી હતી.

## ૨૮ એપ્રિલનાં રોજ જિલ્લા સેવાસદન ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ગોધરા,

નિવાસી અધિક કલેકટર, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી ૨૮.૦૪.૨૦૨૨નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. જે માટે અરજદારોએ સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયનાં પ્રશ્નો લેખિતમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા તા. ૧૪.૦૪.૨૦૨૨ સુધીમાં કલેક્ટર કચેરી ખાતે રજૂ કરવાનાં રહેશે. અરજદારે અરજી પર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનાં મથાળા હેઠળ એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. તા. ૧૪.૦૪.૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસમાં સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. અરજદારે અરજીમાં ફરજિયાત રીતે પોતાનું નામ-સરનામું, મોબાઈલ નંબર, સહી કરીને પ્રશ્નો મોકલવાના રહેશે. આ કાર્યક્રમમાં લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નો અંગે અરજી કરવાની રહેશે. જિલ્લા સ્વાગતમાં અરજી કરતા પહેલા કોઈ પણ અરજદારે સૌપ્રથમ તાલુકા કક્ષાનાં સ્વાગત કાર્યક્રમમાં અને ત્યારબાદ જે કચેરીનો પ્રશ્ન હોય ત્યાં અરજી કરેલી હોવી જોઈએ. રજૂ થતા પ્રશ્નોનો જિલ્લા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા તેમજ કોર્ટ મેટર ન થઈ હોય તેવા હોવા જોઈએ. જિલ્લા કક્ષાનો પ્રશ્ન હોય તો જિલ્લાનાં જવાબદાર અધિકારીને કરેલ રજૂઆતની નકલ સહ અરજી કરવાની રહેશે. અરજદારે જાતે રૂબરૂ પોતાનાં પ્રશ્નનાં જ આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે. કોઈ વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજૂઆત કરાવી શકાશે નહીં. આ ઉપરાંત અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે. સામૂહિક રજૂઆતો કરી શકાશે નહીં તેમ આ યાદીમાં જણાવાયું છે.

## ગોધરા SRP ગૃપ-૫ સામે આવેલ જલારામ નગરમાં રાત્રીના સમયે ગેસનો બોટલ ફાટતા SRP જવાનનું મોત



ગોધરા,

ગોધરા શહેરના એસ.આર.પી ગ્રુપ ૫ સામે આવેલા કબીર મંદિર પાસે જલારામ નગર સોસાયટીનાં રહેણાક મકાનમાં ગત રાત્રીના સમયે અચાનક રસોઈ ગેસનો બોટલ ફાટવાની ઘટના બનવા પામી છે. ત્યારે આ ઘટનામાં ઘરમાં હાજર એસ.આર.પી.જવાનનું કરૂણ મોત નિપજવા પામ્યું છે.

ત્યારે બનાવ ની પ્રાપ્ત વિગતો અનુસાર ગોધરા શહેરના એસ.આર.પી.ગ્રુપ ૫ સામે આવેલા કબીર મંદિર પાસે જલારામ નગર સોસાયટીમાં રહેતા એસ.આર.પી.જવાન પ્રવીણભાઈ અર્જુનભાઈ આહીર પોતાના ઘરના પાછળના ભાગમાં આવેલા રૂમ માં હતા. ત્યારે તેઓ કોઈક કામ અર્થે ગેસની સગડી સળગાવવા જતા ગેસની સાથે ફીટ કરેલો બોટલ અચાનક ફાટ્યો હતો. જેના કારણે આગ લાગવા પામી હતી.જે આગમાં પ્રવીણભાઈ પણ ઝપેટમાં આવી જતા તેઓ પણ શરીરે ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. જેઓને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા જ્યાં તેઓનું કરૂણ મોત નિપજવા પામ્યું છે.ત્યારે આ ઘટનાના પગલે મૃતકનાં સ્વજન દ્વારા ગોધરા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રધાનમંત્રીના પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજાશે

ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમનું જીવંત પ્રસારણ તા.૦૧/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજાનાર છે. જવાહર નવોદય વિદ્યાલય વેજલપુર, પંચમહાલના આચાર્ય દ્વારા વિદ્યાલયમાં અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી દ્વારા પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમના જીવંત પ્રસારણમાં જોડાઈને કાર્યક્રમ નિહાળવા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય ડી.એસ. થૂલેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હિટવેવની આગાહી

અમદાવાદ,

રાજ્યમાં કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે ત્યારે વધુ એક એલર્ટની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે,આગામી ત્રણ દિવસ હિટવેવની શકયતા છે આગાહી પ્રમાણે, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, અમરેલી, કચ્છમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

રાજ્યના ૭ શહેરોમાં ૪૦ ડિગ્રીથી વધારે તાપમાન નોંધાયું હતું. ત્યારે આગામી સમયમાં હવામાનમાં ૧થી ૪ ડિગ્રી જેટલો વધારો નોંધાવવાની આગાહી છે. સાથે સાથે અમુક જિલ્લાઓમાં હીટવેવની અસર પણ જોવા મળશે તેવું હવામાન વિભાગની માહિતી દ્વારા જાણવા મળી રહ્યું છે. રાજ્યમાં ૪૧.૮ ડિગ્રી સાથે ભુજ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે જૂનાગઢમાં ૪૧.૫, અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન, સુરેન્દ્રનગર અને રાજકોટમાં ૪૧.૩ ડિગ્રી તાપમાન, ગાંધીનગર અને વડોદરામાં ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હાલમાં લૂ લાગવાના કિસ્સા, ઝાડા-ઉલટી, પેટમાં દુખાવો, તાવ આવવો, બીપીમાં વધ-ઘટ સહિતના દર્દીઓની સંખ્યા વધારે જોવા મળી રહી છે. ખાનગી દવાખાનાઓમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ડબલ વાતાવરણ જોવા મળી રહ્યું છે. દિવસે કાળઝાળ ગરમી છે અને રાતે ઠંડક લાગી રહી છે.

## ઘોઘંબા પંથકના ખેડુતોને અનિયમીત વિજળી મળતા વિવિધ બેનર અને સુત્રોચ્ચાર સાથે રેલી સ્વરૂપે પહોંચી મામલતદારને આવેદનપત્ર આપ્યું




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ગુજરાત સરકાર દ્વારા ખેડુતો માટે સાત પગલા યોજના જાહેર કરી છે પરંતુ ઘોઘંબા તાલુકાના ખેડુતો માટે સરકાર બે પગલા પાછળ જ રહે છે.

ઘોઘંબા પંથકના ખેડુતોને સમયસર વિજળી આપવામાં આવતી નથી. એમ.જી.વી.સી.એલ. દ્વારા ૧૫ દિવસ રાત અને ૧૫ દિવસ દિવસે વિજળી આપતા ખેડુતો રોષે ભરાયા હતા. ખેડુતોને દિવસે વિજળી આપવા સરકારે હુકમ કર્યો છે. ત્યારે ઘોઘંબામાં આ હુકમની અવગણના કરી એમ.જી.વી.સી.એલ.પોતાની મનમાની કરી રહ્યું છે. રાત્રીના સમયે વિજ પુરવઠો આપતા ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. જંગલ વિસ્તાર હોવાથી અહીં વન્ય પશુ તથા ઝેરી જાનવરનો ડર સતાવી રહ્યો છે. જેને કારણે ખેડુતોને દિવસે આઠ કલાક સળંગ વિજ પુરઠો આપવામાં આવે તેવી માંગ સાથે ઘોઘંબા તાલુકાના ખેડુતો દ્વારા બેનર સાથે વિવિધ સુત્રોચ્ચાર કરી મામલતદારને આવેદનપત્ર આપી ખેડુતોને તાત્કાલીક દિવસે આઠ કલાક વિજળી આપવામાં નહીં આવે તો ગાંધી ચિંદયા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

## મહુધાની ફલોલી કેનાલમાંથી પરણિત પ્રેમી પંખીડાના મૃતદેહ મળી આવતા ચકચાર

નડિયાદ,

મહુધા તાલુકામાં આવેલી ફલોલી કેનાલમાંથી આજે સવારે બે યુવક-યુવતની લાશ મળી આવી હતી. કમરે દુપટ્ટો બાંધીને બંને પ્રેમીપંખીડાઓએ એકસાથે કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.આ બંને પરણિત હોવાનું અને કઠલાલ તાલુકાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં યુવકના ઘરવાળા મૃતદેહને પોલીસ મંજુરી વગર લઈ જતા પોલીસ અને પરિવાર વચ્ચે થોડું ઘર્ષણ પણ થયું હોવાની ચર્ચા છે.

મહુધા તાલુકાના વડથલ પાસે આવેલ ફલોલી કેનાલમાંથી આજે સવારે એક યુવક અને એક યુવતીનો કમરે દુપટ્ટો બાંધેલી હાલતમાં મૃતદેહ તરતા જોવા મળ્યા હતા. આથી સ્થાનિકોએ મહુધા પોલીસને જાણ કરી હતી. આથી પોલીસ સત્વરે ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં બંનેની લાશને કેનાલમાંથી બહાર કાઢી મૃતદેહના ઓળખની કામગીરી હાથ ધરી હતી. જેમાં આ બંને પરણિત હોવાનું અને કઠલાલ તાલુકાના હોવાની જાણ થઈ હતી. મરણ જનાર યુવક નરેશભાઈ ગેલાભાઈ પરમાર (ઉં.વ. આશરે ૩૦ વર્ષ,રહે. ઘોઘાવાડા, કઠલાલ) અને યુવતી મંગુબેન દશરથભાઈ પરમાર (ઉં.વ.આશરે ૨૮ વર્ષ,રહે.પહાડ,તા.કઠલાલ) હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત આ બંને પ્રેમી પંખીડા પરણિત છે, અને ગત્ રોજ રાત્રે જ બંને પોતપોતાના ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા. પ્રેમમાં સફળતા ન મળતા અને મજબૂરીથી અન્ય જગ્યાએ લગ્ન કરવા પડયા હોવાથી બંનેએ છેવટે મોતને વ્હાલું કર્યું હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે.